Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

卐

# Shri Atmanand Prakash


પુસ્તક ૫૦ મું. આત્મ સં. ૫૬ સંવત ૨૦૦૯.

અંક ૬ ઠ્ઠો. તા. ૧૩-૧-૫૩ પોષ


☆

Edited by

Shri Jain Atmanand Sabha

Bhavnagar

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.


પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


૧ શ્રી ઉપધાન તપનું સ્તવન ... (લે. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ) ૮૭
૨ દ્વિતીય તીર્થંકર શ્રી નિર્વાણપ્રભુનું સ્તવન ... (સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ–મોરબી) ૮૮
૩ સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાઓમાંથી અવતરણો ... (લે. હીરાલાલ ર. કાપડીયા એમ. એ.) ૯૦
૪ મૃત્યુની ગાડી... ... ... ... ... (લે. પૂ. મુનિ શ્રી ચન્દ્રપ્રભસાગરજી) ૯૨
૫ પ્રભુપ્રાર્થના ... ... ... ... ... (લે. સંઘવી ભવાનભાઇ પ્રાગજી) ૯૩
૬ સહજ સમાધિ ... ... (સં. કમળા રતનચંદ સુતરીયા એમ. એ. બી. ટી.) ૯૪
૭ હારવર્ડ યુનિવર્સિટીના મેનેજરના પત્રો ... ... ... ... ... ... ૯૫
૮ ખલિલ જીબ્રાનકૃત ... ... ... ... (લે. સંઘવી ભવાનભાઇ પ્રાગજી) ૯૯
૯ સિદ્ધસ્વરૂપ ... ... ... ... (લે. વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલ બી. એ.) ૧૦૧


## સં. ૨૦૦૮ ની સાલનો રિપોર્ટ.

આ સભાની સર્વ કાર્યવાહીનો સંપૂર્ણ રિપોર્ટ આ સાથે છે તે વાંચકો મનનપૂર્વક વાંચવા નમ્ર સૂચના છે.

## આત્માનંદ પ્રકાશ માસિક.

હવે પછી સને ૧૯૫૩ જાનેવારી માસથી બાર માસ સુધી દર મહિનાની તા. ૧૩ મીના રોજ પ્રગટ થશે. જેથી લેખક પૂજ્ય મુનિમહારાજાઓ અને મહાશય જૈન બંધુઓ અને બ્હેનોએ ઈંગ્રેજી મહિનો બેસતાં તેની પહેલી તારીખ સુધીમાં પોતાના લેખો મોકલવા નમ્ર વિનંતિ છે.

## શ્રી આત્માનંદ પ્રકાશના માનવંતા ગ્રાહકોને નમ્ર સુચના.

ગયા માગશર માસમાં જણાવ્યા પ્રમાણે વાર્ષિક લવાજમ વસુલ કરવા **શ્રી જ્ઞાનપ્રદીપ ત્રીજો** ભાગ કિંમત રૂા. બેની ભેટની બુક સાથે ગેરવલ્લે ન જાય માટે પોસ્ટ દ્વારા વી. પી. થી મોકલાઇ ગયેલ છે. જે ગ્રાહક બંધુઓએ વી. પી. સ્વીકારી લવાજમ મોકલ્યું છે તેમનો આભાર માનવામાં આવે છે, અને બાર માસ માસિક રાખી, વી. પી. પાછું વાળનાર ભાઈ હવે માસિક મોકલશો નહિં તેમ જણાવી વી. પી. પાછું વાળી નકામું જ્ઞાનખાતાને નુકસાન કરેલ છે. જેથી જે ગ્રાહક બંધુઓએ બાર માસ સુધી ગ્રાહક તરીકે રહી વી. પી. પાછું વાળનાર બંધુ ગ્રાહકોએ લવાજમના પૈસા મોકલી ભેટની બુકો મંગાવી જ્ઞાનખાતાના દેવાદાર નહિં રહેવા નમ્ર સુચના છે.

## સભાના માનવંતા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને

### અનુપમ-સુંદર સાહિત્ય ગ્રંથોની ભેટ.

### (સં. ૨૦૦૯ ની સાલના ભેટના ત્રણ ગ્રંથો.)

**૧ માનવંતા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને** નીચેના ત્રણે ગ્રંથો જેની કિંમત રૂા. ૧૦–૮–૦ છે તે માહ સુદ ૨ થી પોસ્ટેજ પુરતા વી. પી. થી ક્રમસર ભેટ મોકલવામાં આવશે તે સ્વીકારી લેવા નમ્ર સુચના છે.

અનુસંધાન ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શહીદ ભાઈ પ્રવીણચંદ્રને શોકાંજલિ

ગત તા. બીજી જાન્યુઆરી શુક્રવારના રોજ બપોરના પોલીસખાતાએ જે બેફામ લાઠીચાર્જ કર્યો, ટીયરગેસ છોડ્યો અને અમાનુષી ગોળીબાર કર્યો તેના પરિણામે આશાસ્પદ યુવાન અને નિર્દોષ કિશોર ભાઈ પ્રવીણચંદ્ર વર્ધમાન શાહનું ઓગણીશ વર્ષની વયે અવસાન થયું છે.

બીજે દિવસે શનિવારે નીકળેલ તેની સ્મશાન યાત્રામાં હજારો સ્ત્રી-પુરુષોએ ભાગ લીધો હતો અને ભાઈ પ્રવીણચંદ્રની શહીદતને ભાવભરી અંજલિ અર્પી હતી. સારાય સૌરાષ્ટ્રમાં આ સમાચાર ફરી વળતાં હાહાકાર મચેલ અને સ્વર્ગસ્થના આત્માને શાંતિ ઇચ્છી, નિષ્પક્ષ તપાસ-સમિતિની માગણી કરવામાં આવેલ છે.

ભાવનગરના શ્રી સંઘની એક વિશાળ સભા તા. ૫-૧-૫૩ ને સોમવારના રોજ દેરાસર પાસેના ઉપાશ્રયમાં શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલના પ્રમુખપણા નીચે મળતાં નીચેનો શોકદર્શક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

શરૂઆતમાં શેઠશ્રી ભોગીલાલભાઇએ આ હીચકારા અને ગોઝારા કૃત્યને વખોડી કાઢયું હતું અને સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી હતી.

**ઠરાવ.**

" તા. ૨-૧-૫૩ ના શુક્રવારના રોજ શહેર ભાવનગરમાં કોઈપણ જાતના વ્યાજબી કારણ સિવાય તથા કોઈપણ જાતણી ચેતવણી આપ્યા વગર પોલીસના હાથે ટીયર ગેસ, બેફામ લાઠીચાર્જ તથા ગોળીબાર કરવાનું જે હીચકારુ તથા અમાનુષી કૃત્ય કરવામાં આવ્યું છે તેની સામે આ જૈન સંઘની સભા પોતાનો સખ્ત રોષ વ્યક્ત કરે છે તેમજ ગોળીબારથી આપણા સંઘના એક આશાસ્પદ વિદ્યાર્થી ભાઇ પ્રવીણચંદ્ર વર્ધમાન શાહનું દુઃખદ અવસાન થયેલ તે બદલ શ્રી જૈન સંઘની સભા દિલગીરી વ્યક્ત કરે છે અને તેમના કુટુંબી જનો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે.

આ અમાનુષી તથા હીચકારા કૃત્યના માટે જવાબદાર માણસોની તપાસ માટે નિષ્પક્ષ તપાસ પંચ નીમવા અને તે કાર્ય માટે જે જવાબદાર હોય તેને પૂરતી નશીયત કરવા આ સભા સરકાર પાસે આગ્રહપૂર્વક માગણી કરે છે.

---

સ્વર્ગસ્થના આત્માને સંપૂર્ણ શાંતિ પ્રાપ્ત થાય તેમ આ સભા અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરે છે."

બાદ સભાએ ઊભા થઇ બે મિનિટ પ્રાર્થના કરી સદ્‌ગતના આત્માની શાતિ ઇચ્છી હતી.

બાદ શહીદ પ્રવીણચંદ્રના સ્મારક માટે શેઠશ્રી ભોગીલાલભાઇએ પ્રસ્તાવ મૂકતાં તેને સારો આવકાર મળ્યો હતો. તરતજ ફંડ નોંધવામાં આવ્યું હતું, જેમાં શેઠશ્રી ભોગીલાલભાઇએ રૂા. ૫૦૧) ભરી શરૂઆત કરી હતી અને તે સમયે જ રૂા. ૧૫૦૦) ઉપરાંતની રકમ નોંધાઇ ગઇ હતી આ સ્મારક ફંડમાંથી મેટ્રીકમાં ભણતા જૈન વિદ્યાર્થી બંધુને સ્કોલરશીપ તથા પુસ્તક વિગેરેની મદદ આપવાનું નિર્ણીત કરવામાં આવ્યું ને તેના કાર્ય માટે એક કમિટી પણ નીમવામાં આવી.

અમો સ્વર્ગસ્થ ભાઇ પ્રવીણચંદ્રના આત્માની સંપૂર્ણ શાંતિ ઈચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૯. પોષ પુસ્તક ૫૦ મું.

વિક્રમ સં. ૨૦૦૯. :: તા. ૧૩ મી જાન્યુઆરી ૧૯૫૩ :: અંક ૬ ઠ્ઠો.

## શ્રી ઉપધાન તપનું સ્તવન.

( રાગઃ—શ્યામળીયાં સીદને ચાલો રે પાયે પડું છું. )

તપ ઉપધાન અતિ સુખકારી રે, ભાવથી કરજો; શ્રી વીરવિભુનાં વચનો રે, ઉરમાં ધરજો.

( અંચલી૦ )

વ્હાલાજી તપ એ સારું, થાય કર્મ જીવથી ન્યારું; એ શિવપુરનું છે બારું રે. ભાવથી. ૧

શ્રી મહાનિશીથ ઇમિ ભાખે, એ તપ જે હૃદયે રાખે; તે શિવસુખનો રસ ચાખે રે. ભાવથી. ૨

**નવકારતપ** પહેલો જાણો, અષ્ટાદશ દિન પ્રમાણો; **ઇરિયાવહી** એમ વખાણો રે. ભાવથી. ૩

તપ સાડાબાર ઉપવાસો, ભિન્ન ભિન્ન નિત્ય પોસહ બાસો; હોય ગુરુચરણુમાં વાસો રે. ભાવથી. ૪

ધન્યભાગ્ય જેહના જાગે, એ કિરિયામાં ચિત્ત લાગે; તસ દુઃખડાં સવિ દૂર ભાગે રે. ભાવથી. ૫

સુમતિ ગુપ્તિમાં રહેવું, નહિં કડવું કેણુ કાંઈ કહેવું; તો ટળશે જગનું વ્હેવું રે. ભાવથી. ૬

ચોકીયું **અરિહંતચેઇયાણુ**, માન ચાર દિવસનું જાણુ; છે અઢી ઉપવાસ પ્રમાણુ રે. ભાવથી. ૭

છઠીયું સાત દિનનું જાણુ, **પુખ્ખરવરદી સિદ્ધાણું**–બુદ્ધાણુ પાઠ સુખખાણુ રે. ભાવથી. ૮

પુખ્ખરવર બે ઉપવાસ, સિદ્ધાણુંના અઢી ખાસ; કરો કર્મ થાય જેમ નાસ રે. ભાવથી. ૯

એ તપ કરી પહેરો માળ, કરો મહોચ્છવ ઝાકઝમાળ; ટળે એહથી જગજંજાળ રે. ભાવથી. ૧૦

હોય **શક્રસ્તવ** ઉપધાન, પાંત્રીશ દિવસનું માન; સાડી ઓગણીસ વ્રત પ્રધાન રે. ભાવથી. ૧૧

ઉપધાન **લોગસ્સ** નામ, દિન અઠ્ઠાવીશ છે જામ; સાડાપંદર વ્રત તામ રે. ભાવથી. ૧૨

જે તપથી શ્રુત આરાધે, તે કેવળ કમલા સાધે; શુભ **આતમલબ્ધિ** લાધે રે. ભાવથી. ૧૩

પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી સ્તવન મધ્યેના

# દ્વિતીય તીર્થંકર શ્રી નિર્વાણી પ્રભુનું સ્તવન.

## સ્પષ્ટાર્થ સાથે.

( સં. ડાકટર વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી )

**પ્રણમું ચરણ પરમ ગુરુજિનના,**
**હંસ તે મુનિ જન મનના;**
**વાસી અનુભવ નંદન વનના,**
**ભોગી આનંદઘનના.**
**મોરા સ્વામી હો તોરો ધ્યાન ધરીજે,**
**ધ્યાન ધરીજે હો સિદ્ધિ વરીજે;**
**અનુભવ અમૃત પીજે,**
**મોરા સ્વામી હો તોરો. ॥ ૧ ॥**

**સ્પષ્ટાર્થ:**-ઘનઘાતીરૂપ કર્મશત્રુને જીત્યા અને કેવલજ્ઞાનાદિ ચાર અનંતાં જેણે પ્રગટ કર્યાં એવા નિર્વાણી પ્રભુ અતીત ચોવીશીના બીજા તીર્થંકર પરમગુરુના ચરણકમલને અગર શુદ્ધ સ્વભાવાચરણને બહુ સન્માને પ્રણમે છે. જેને મુનિજનો પોતાના મનરૂપ માનસરોવરમાં હંસરૂપે રમાવે છે. હંસ જેમ દૂધથી પાણી ભિન્ન કરી દૂધ પીએ છે, તેમ પ્રભુ અનાત્મભાવનાં લક્ષણ ભિન્ન જાણી દર્શાવી, મુનિઓને પણ અનાત્મ લક્ષણોનો આદર તજાવી, શુદ્ધાત્મ લક્ષણમય શુદ્ધાત્મલક્ષ્યનો અનુભવ કરાવે છે. વળી પ્રભુ આત્માની અનંત શુદ્ધ શક્તિરૂપ નંદનવનમાં વસે છે, અનંત ગુણોની સુવાસનામાં મગ્ન-તૃપ્ત થઇ રહ્યા છે, એમ અનંત સ્વગુણ આનંદ સમકાલે ભોગવે છે તેથી આનંદઘન ભોગી એહવા મારા નાથ વિભાવિક દુઃખથી છોડાવનાર અને પરમ નિવૃત્તિ સ્થાનક આનંદપુરીમાં ( શિવનગરીમાં ) નિર્વાણ પદ( નિશ્ચલ પદ )ના દાતાર તમારું જ ધ્યાન ધરિયે. જગવાસી જીવ પુદ્ગલ ધ્યાને અશુદ્ધ અધ્યવસાયે, અશુદ્ધ લેશ્યાએ, અશુદ્ધ ચેષ્ટાએ વિભાવમાં પ્રીતિ કરાવી, જ્ઞાનાવરણાદિ કર્મ બાંધી દીન-દુઃખી, પરતંત્ર થઇ રહ્યા છે. તે દેખી, હું ભવભયથી ઉદ્વિગ્ન થયો. પ્રભુનું જ ધ્યાન કરું એટલે પ્રભુની આજ્ઞા સમય માત્ર પણ ભૂલું નહીં, એ જિજ્ઞાસા છે. તમારું જ ધ્યાન ધરીયે તો સિદ્ધિ વરીયે માટે શુદ્ધાત્મ ગુણમાં ઉપયોગ સ્થિર રાખવા અને સ્થિરતા વધારવારૂપ અનુભવ અમૃત પીએ. (૧)

**સકલ પ્રદેશ સમા ગુણધારી,**
**નિજ નિજ કારજ કારી;**
**નિરાકાર અવગાહ ઉદારી,**
**શક્તિ સર્વ વિસ્તારી-મોરા. ॥ ૨ ॥**

**સ્પષ્ટાર્થ:**-પ્રભુજીને અસંખ્યાત પ્રદેશે જ્ઞાનાદિ અનંત સ્વગુણો સરખા છે, કોઇ પ્રદેશે કોઇ પણ ગુણ અંશ માત્ર અધિકો ઓછો નથી. જેમ સોનાને સર્વ પ્રદેશે ભારે પીળાશ-ચીકાશાદિ સર્વ ગુણો સરખા છે તેમ શુદ્ધ દ્રવ્યને સર્વ પ્રદેશે ગુણો સરખા હોય છે. તે દરેક ગુણો પોતપોતાનું કાર્ય સર્વ સમય નિરંતર કરે છે. કોઈ ગુણની પ્રવૃત્તિ કોઈ સમય પણ રોકાતી નથી. તેમ અન્ય દ્રવ્ય કોઈ દ્રવ્યના ગુણપર્યાય પ્રવાહને અટકાવી-રોકી શકતો નથી. જેમ વર્ણ ગુણ, ગંધ આદિ ગુણનું કાર્ય કરતો નથી પણ વર્ણગુણ વર્ણપર્યાય પ્રવૃત્તિરૂપ જ કાર્ય કરે છે તેમ જ્ઞાનગુણ, દર્શનગુણ આદિ અન્ય ગુણનું કાર્ય કરતો નથી. અર્થાત્ સર્વ ગુણો સર્વ સમય પોતપોતાનું કાર્ય કરે છે પણ સ્વજાતિ અન્ય ગુણ કે વિજાતી અન્યગુણનું કાર્ય કોઇ ગુણ કોઇ સમયે પણ કરતો નથી એમ પારિણામિકતા ધર્મ જાણવો. પ્રભુનું અંગ નિરાકાર જ્ઞાપકરૂપ છે. પુદ્ગલો પેઠે વર્ણાદિ વીશ ગુણરૂપે અથવા તે માંહેલા કોઇ રૂપે પણ નથી. તેથી કલ્યાણકારી નિરાકાર અવગાહના છે. અવગાહના તો આકાશપ્રદેશને રોકે તેને કહેવાય. પ્રભુની અવગાહના વ્યવહારથી આકાશપ્રદેશમાં કહેવાય, પણ નિશ્ચયથી તો પ્રભુ સ્વક્ષેત્રી છે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરક્ષેત્રી નથી. જે પ્રદેશમાં સિદ્ધની અવગાહના છે તેજ પ્રદેશમાં અજીવ પુદ્ગલ સ્કંધો તથા નિગોદ-રાશી શરીર વિગેરે અનેક દ્રવ્યો છે પણ સિદ્ધની અવગાહનાથી તે ક્ષેત્ર રોકાતું નથી પણ વ્યવહાર-નયથી વ્યવહારદૃષ્ટિને સમજવાને બદલે અવગાહના કહી પણ પરમનયે જીવ અનઅવગાહી છે. આત્મામાં અનંત ગુણોની અનંત શક્તિ છે તે સર્વ શક્તિ સાંસારિક જીવોની પરભાવ અનુયાયીપણે રોકાઇ છે પણ પ્રભુજીએ તો સકલ પરભાવનો નાશ કરી ગુણ-ગણના અનંતાનંત પર્યાયની શક્તિ પ્રગટ કરી સ્વતંત્રપણે વિસ્તારી છે. ( ૨ )

**ગુણ ગુણ પ્રતિપર્યાય અનંતા,**
**તે અભિલાપ્ય સ્વતંતા;**
**અનંત ગુણ નભિલાપી સંતા,**
**કાર્ય વ્યાપાર કરંતા-મોરા. ॥ ૩ ॥**

સ્પષ્ટાર્થઃ-પ્રભુજીને અનંતા ગુણો છે, તે ગુણ-ગણ પ્રત્યે અનંત પર્યાય પોતાને સ્વતંત્ર છે. તેમાંથી અનંતા પર્યાયો અથવા ધર્મો વચન આલાપમાં આવી શકે એવા છે. તેને અભિલાપ્ય ધર્મ કહીએ અને તેથી અનંતગુણા વચન આલાપમાં ન આવી શકે એવા અનભિલાપ્ય ધર્મ છે. તે અભિલાપ્ય અને અનભિલાપ્ય સર્વે ધર્મો આપઆપણું કાર્ય દર-સમય કરે છે. વ્યાપાર કહેતાં તે સર્વે પર્યાયો કાર્ય કરવામાં પ્રવર્તે છે એ જ પ્રમાણે પંચાસ્તિકાયમાં અભિલાપ્ય ધર્મ અનંતા અને તેથી અનભિલાપ્ય ધર્મ અનંતગુણા જાણવા. ( ૩ )

**છતિ અવિભાગી, પર્યય વ્યક્તે,**
**કારજ શક્તિ પ્રવર્તે;**
**તે વિશેષ સામર્થ્ય પ્રશક્તે,**
**ગુણ પરિણામ અભિવ્યક્તે-મોરા. ॥૪॥**

સ્પષ્ટાર્થઃ-દ્રવ્યના પ્રત્યેક પ્રદેશે છતિ પર્યાય અનંતા છે તે એક એક પર્યાય અવિભાગી છે એટલે તે પર્યાયનો કોઇ પ્રકારે વિભાગ થઇ શકે નહીં. તે પર્યાયો કાર્ય સન્મુખ પ્રવર્તવાથી, સામર્થ્યપણે થાય તેથી કાર્ય કરવાની શક્તિ પ્રવર્તે તે વિશેષ સ્વભાવ કહીયે. તે વિશેષ ગુણોનું સામર્થ્યપણું ભિન્ન ભિન્ન શક્તિવાળું છે પણ જે જે ગુણનો જે જે પરિણામ તે તે ગુણ સન્મુખ પ્રવર્તી પ્રગટ થાય (૪)

**નિર્વાણી પ્રભુ શુદ્ધ સ્વભાવી,**
**અભય નિરાયુ અપાવી;**
**સ્યાદ્વાદી યમ વિગત રાવી,**
**પૂરણ શક્તિ પ્રભાવી-મોરા ॥ ૫ ॥**

સ્પષ્ટાર્થઃ-નિશ્ચલ પદને પામ્યા એવા નિર્વાણી પ્રભુના વિશેષ સ્વભાવ પૂર્ણ શુદ્ધ થયા છે તેથી તે નિર્ભય છે. સંસારી જીવો ચાર ગતિમાં આયુષ્યની સ્થિતિ સુધી રહે છે અને મરણાંતે અન્ય સ્થાનકે જાય છે, પણ પ્રભુને તો સિદ્ધક્ષેત્ર છોડી અન્ય સ્થાનકે જવું પડતું નથી તેથી આયુષ્યને તાબે નથી. પણ સાદિઅનંત સ્થિતિ છે. સકલ પાપ-દોષ રહિત પરમ પવિત્ર છે. નિશ્ચય સ્યાદ્વાદ સત્તાના ભોગી છે. પોતાની અનંત પર્યાય પ્રવૃતિ ચાલમાં રાજ્ય કરતા રાજી છે. સર્વે શક્તિ નિરાવરણ થઇ તેથી પૂર્ણ શક્તિ પ્રભાવવંત છે. ( ૫ )

**અચલ અખંડ સ્વગુણ આરામી,**
**અનંતાનંદ વીસરામી;**
**સકલ જીવ ખેદજ્ઞ સુસ્વામી,**
**નિકામગંધી અકામી-મોરા. ॥ ૬ ॥**

સ્પષ્ટાર્થઃ-પ્રભુના અનંત ગુણો ચલાચલ રહિત થયા. ભાવવીર્ય પૂર્ણ ગુણોનાં અચલ-અક્ષય પ્રવર્ત્યું તેથી કોઇ ગુણ કે કોઇ પર્યાય, ખંડાય, ઘસાય નહીં, સર્વે ગુણોના પર્યાયનો અખંડ પ્રવાહ વહે તેથી ગુણો કે પર્યાયો વ્યય પામે નહીં. એટલે સર્વે સમય ગુણો અને પર્યાયો કાયમ રહે પણ વિણશે-ખૂટે નહીં માત્ર આવિર્ભાવ, તિરોભાવ થયા કરે. પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ, સર્વ સમય થયા કરે પણ તે પર્યાયો સર્વ સમય છતિરૂપ કાયમ હોય માટે અહીંયા ધ્રુવ ગવેખ્યા છે. એવા નિર્મલ ગુણોમાં પ્રભુ એકાંતિક, આત્યંતિક આનંદ ભોગવે છે એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાઓમાંથી અવતરણો

( લે. પ્રો. હીરાલાલ ૨. કાપડિયા એમ. એ. )

( ગતાંક પૃષ્ઠ થી શરૂ )

અ-૬, ઉ. ૪ ની ટીકા ( પત્ર ૨૨૬ આ ) માંનું નિમ્નલિખિત અવતરણ આઠમી દ્વાત્રિંશિકાના પાંચમા ને ચોથા પદ્ય તરીકે નજરે પડે છેઃ-

" **अन्यैः स्वेच्छारचितानर्थविशेषान् श्रमेण विज्ञाय ।**

**कृत्स्नं वाङ्मयमित इति स्यादत्यङ्गानि दर्पण ॥**

**क्रीडनकमीश्वराणां कुक्कु (? कुं) टलावकसमानवाल्लभ्यः ।**

**शास्त्राण्यपि हास्यकथां लघुतां वा क्षुल्लको नयति ॥** "

છપાયેલી દ્વાત્રિંશિકામાં "**समानबालेभ्यः**" એવો પાઠભેદ છે.

સૂયગડ ઉપર પણ **શીલાં**કસૂરિની ટીકા છે.

---

અનંત આનંદમાં વિશ્રામ લીધો છે. પ્રભુ સર્વે સંસારી જીવોના ખેદજ્ઞ છો એટલે સર્વે જીવો પોતાની સત્તાએ સિદ્ધ સમાન છે તોપણ અનાદિ અવિદ્યાયે આત્મશુદ્ધતા અણજાણતાં દેહાદિ અસ્થિર અને પરતંત્ર પુદ્ગલ પર્યાયની મમતાએ જન્મ, જરા-મરણ-રોગ-શોક-કષાય-અજ્ઞાન-મિથ્યાત્વાદિક કર્મોશિત પરતંત્રતાવશે ક્ષણમાત્ર પણ વિરામ પામતા નથી. એવા ખેદયુક્ત જીવોને દેખી પ્રભુ તેમનો ખેદ ટાળવા માટે શુદ્ધ નયે શુદ્ધ સ્વરૂપ દર્શાવી, આઠે કર્મજન્ય દુઃખથી મૂકાવા અર્થે ભવ્યોને મોક્ષમાર્ગમાં પ્રેરે-પ્રેરાવે છે તેથી ખેદજ્ઞ છે. નિશ્ચય નયથી પ્રભુ કોઇ અન્ય દ્રવ્યના સ્વામી નથી. પણ સુસ્વામી એટલે પોતાના જ્ઞાનાદિ અનંતગુણ પર્યાયના સ્વામી છે. વ્યવહાર નયની પોતાની આજ્ઞાના પાલક સેવકોને ચાર ગતિ-ભ્રમણથી છોડાવે અને દર્શન ચરણ, અનંતવીર્ય, અવ્યાબાધાદિ સ્વતંત્ર સુખ આપે; માટે સુસ્વામી કહેતાં રૂડાસ્વામી છે. અશુચિ પુદ્ગલની ગંધરહિત અને અન્ય કોઈ પણ વસ્તુના કામી નથી. કામના તો અધૂરાને હોય અને પરમેશ્વર તો પરમગુણી પૂર્ણાનંદીને કોઈ પ્રકારની કામના રહી નથી. ( ૬ )

**નિઃસંગી સેવનથી પ્રગટે,**
**પૂર્ણાનંદી ઇહા;**
**સાધન શકતે ગુણ એકત્વે,**
**સીધે સાધ્ય સમીહા. મોરા ॥ ૭ ॥**

**સ્પષ્ટાર્થ**:-એવા નિઃસંગી કહેતાં સકલ પરદ્રવ્ય સંગ રહિત સહજ સ્વભાવાનંદી પ્રભુની દ્રવ્ય-ભાવ-સેવા કરનારને પૂર્ણાનંદ કરવાવાળી શુદ્ધ તત્વરુચિ પ્રગટ થાય. તે તત્વરુચિ ઉપન્યેથી આત્મલબ્ધિ વીર્ય પ્રગટ થઇ પૂર્ણાનંદ પ્રગટ થાય. સાધન શક્તિ-વડે પરિણતિ ગુણથી અભેદ કરે એટલે પરપરિણતિ ત્યાગી સાધ્ય સિદ્ધ કરવાની જે ઇચ્છા હતી તે પૂર્ણ સાધ્ય સિદ્ધ કરે એટલે સિદ્ધતા પામે. ( ૭ )

**પુષ્ટ નિમિત્તાલંબન ધ્યાને,**
**સાલંબન લય ઠાને;**
**દેવચંદ્ર ગુણને એકતાને,**
**પહોંચે પૂરણ થાને. મોરા. ॥ ૮ ॥**

**સ્પષ્ટાર્થ**:-પ્રભુજી ! તમે મોક્ષાભિલાષીને પુષ્ટ આલંબન છો એટલે જેમ પ્રભુએ જ્ઞાન-દર્શન-ચરણ-વીર્યાદિ આત્મગુણો પૌદ્ગલિક કાર્યમાંથી પાછા વાળી સહજાત્મ કાર્યમાં જોડ્યા. અને ભવ્ય જીવોને સર્વે શક્તિ સહજાત્મકાર્યમાં પ્રયુંજવી દર્શાવી એ બન્ને પ્રકારે પ્રભુનું આલંબન લઇને વર્તે તે આખરે નિરાલંબતા પામે એટલે તે જીવને કોઇ સમય પણ પૌદ્ગલિક આલંબન લેવું પડે નહીં. પર આલંબન લય થાય. ચાર નિકાયના દેવોમાં ચંદ્રમા સમાન નિર્વાણી પ્રભુના વ્યક્ત જ્ઞાનાદિ શુદ્ધ ગુણોમાં એકતાપણે ઉપયોગ અખંડ કરે એટલે શુદ્ધ ગુણીના ગુણ બહુમાને પૂર્ણાનંદ સ્થાનકે પહોંચે. ( ૮ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં **સમ્મઈપયરણ**ની અનેક ગાથાઓ ઉદ્દ્ધૃત કરાઇ છે. વિશેષમાં આ સૂયગડ (સુય૦ ૧, અ. ૧૫) ની ટીકા(પત્ર ૨૬૫ આ)માં નીચે પ્રમાણેનું જે અવતરણ છે તે બીજી દ્વાત્રિંશિકાનું તેરમું પદ્ય છે:—

**" सद्धर्मबीजवपनानघकौशलस्य**
**यल्लोकबान्धव ! तवापि खिलान्यभूवन्।**
**तन्नाद्भुतं खगकुलेष्विह तामसेषु**
**सूर्यांशवो मधुकरीचरणावदाताः॥ "**

આ પદ્ય **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા**-(શ્લો. ૬) ની ટીકા નામે **સ્યાદ્વાદમંજરી**માં અવતરણરૂપે અપાયું છે. આ દ્વાત્રિંશિકા(શ્લો. ૩૦)-ને લગતી **સ્યાદ્વાદમંજરી**માં "સિદ્ધસેનદિવાકરપાદ" એવા ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત પદ્ય રજૂ કરાયું છે:-

**" उदधाविव सर्वसिन्धवः**
**समुदीर्णास्त्वयि सर्वदृष्टयः।**
**न च तासु भवानुदीक्ष्यते;**
**प्रविभक्तासु सरित्स्विवोदधिः॥ "**

આ **સિદ્ધસેન**કૃત ચતુર્થી દ્વાત્રિંશિકાનું પંદરમું પદ્ય છે. કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિએ **છંદોઽનુશાસન**ની સ્વોપજ્ઞ વૃત્તિ(પત્ર ૧ અ)માં "**सुनिश्चितं**" થી શરૂ થતું પત્ર ઉદ્દ્ધૃત કર્યું છે.

ન્યાયવિશારદ—ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**એ **જ્ઞાનબિન્દુપ્રકરણ**(પૃ. ૧૭)માં 'મહાવાદી' સિદ્ધસેને કહ્યું છે એવા ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત અવતરણ આપ્યું છે:—

**वैयर्थ्यातिप्रसङ्गाभ्यां न मत्यभ्यधिकं श्रुतम्।**

આ **નિશ્ચય-દ્વાત્રિંશિકા** નામની ૧૯ મી દ્વાત્રિંશિકાના બારમા પદ્યનો પૂર્વાર્ધ છે. ઉત્તરાર્ધ નીચે મુજબ છે:—

**" सर्वेभ्यः केवलं चक्षुस्तमः क्रमविवेकवत् "**

આ ન્યાયાચાર્યે પાતંજલ**યોગદર્શન** ઉપરની વ્યાખ્યા(પૃ ૨૯) માં "**निश्चयनयमतमेतद् यदुपजीव्याह स्तुतौ महावादी**" એવા ઉલ્લેખપૂર્વક નીચે મુજબનું પદ્ય ઉદ્દ્ધૃત કર્યું છે:—

**" भवबीजमनन्तमुज्झितं**
**विमलज्ञानमनन्तमर्जितम्।**
**न च हीनकलोऽसि नाधिकः**
**समतां नाप्यतिवृत्त्य वर्तसे॥ "**

આ પદ્ય ચોથી દ્વાત્રિંશિકાના **૨૯** મા પદ્યરૂપે જોવાય છે. છેવટની પંક્તિમાં **સિદ્ધસેન** દિવાકરને 'મહાવાદી' કહ્યા છે.

**આવસ્સય** અને એની નિજ્જુત્તિ ઉપર **હરિભદ્રસૂરિ**એ ટીકા રચી છે. એમાં એમણે **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણકૃત **ઝાણજ્ઝયણ** ઉપર પણ ટીકા રચી છે. ક્ષમાશ્રમણની આ કૃતિ **ધ્યાનશતક** તરીકે સુપ્રસિદ્ધ છે. એની ૪૫ મી ગાથાની ટીકામાં પત્ર ૫૯૫ માં હરિભદ્રસૂરિએ "**तथा स्तुतिकारेणाऽप्युक्तम्**" એવા ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત પદ્ય રજૂ કર્યું છે:—

**" कल्पद्रुमः कल्पितमात्रदायी**
**चिन्तामणिश्चिन्तितमेव दत्ते।**
**जिनेन्द्रधर्मातिशयं विचिन्त्य**
**द्वयेऽपि लोको लघुतामुपैति॥ "**

શું આ સ્તુતિકાર તે **સિદ્ધસેન** દિવાકર છે? જો એમ હોય તો એની કઇ કૃતિમાં આ પદ્ય છે એ વિચારવું ઘટે.

જૈ. સા. સં. ઇ. માં નીચે મુજબનાં છ પદ્યો અપાયાં છે અને તેમાંનાં પહેલાં પાંચનો અર્થ પણ અપાયો છે:-

૧, ૫ (પૃ. ૯૨); ૧, ૬ (પૃ. ૯૨); ૧, ૧૫

૧ આ પત્રાંક "સિદ્ધચક્રસાહિત્ય પ્રચારકસમિતિ" (મુંબઈ) તરફથી ઇ. સ. ૧૯૩૫ માં છપાવાયેલી આવૃત્તિનું છે.

૨ આ ગોડીપાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી (મુંબઇ) તરફથી ઇ. સ. ૧૯૫૦ માં પ્રકાશિત આવૃત્તિમાંનો પત્રાંક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૃત્યુની ગાડી.

( લેખકઃ—મુનિશ્રી ચન્દ્રપ્રભસાગર. )

મિત્રો ! મૃત્યુની ગાડી આવી રહી છે. સિગ્નલ અપાઇ ગયું છે. ધરતીમાં એના આગમનના ધબકારા વાગી રહ્યા છે. એ વેગથી—અતિવેગથી આવી રહી છે એમ જણાય છે. આ પળ બે પળમાં ઊપડી પણ જશે. આપણા લાખ લાખ પ્રયત્ને પણ એ વધારે વાર અટકવાની કે થંભવાની નથી જ. એનો નિયત સમય થશે અને એ ચાલવા માંડશે. આપણે પણ આ જ ગાડીમાં જવાના છીએ. આ વાત તમે નાસ્તાની લહેજતમાં ભૂલી તો નથી ગયા ને ? આ ગાડીમાં જ જવું પડશે, ગયા વિના છૂટકો નથી. કુદરતના એ માનભર્યા નિમન્ત્રણને આપણે કેમ કરી નકારી શકીશું ? જો જવું જ છે તો આપણે સજ્જ થઇને રહીએ. તૈયારીવાળાઓને હું આ વાત નથી કહેતો. તૈયારીવાળાને તો આકુલ-વ્યાકુલ થવાની જરાય જરૂર નથી, એના માટે તો આ મુસાફરી આનન્દપ્રદ અને આરામ ભરેલી છે પણ હું તો મારા આ બીજા મિત્રોને જાગૃત કરું છું, કે જેઓ પોતાનો સામાન આ મુસાફરખાનામાં અસ્તવ્યસ્ત કરીને બેઠા છે.

મિત્રો ! થોડો સમય આરામ લેવા-વિસામો લેવા-આવ્યા એટલામાં આટલો બધો આ વિસ્તાર શો ? અને વળી આ મુસાફરો સાથેનો કલહ શો ? આ સ્થાન મારું અને આ સ્થાન તારું, તારી પાસે સાવ ઓછો સામાન અને મારી પાસે આટલો બધો સામાન—આ બધો ગર્વ શો ? અરે, ભાઇ ! જેમ બોજ ઓછો હશે તેમ મુસાફરી સુગમ થશે. વધારે ભારવાળાને વધારે ચિન્તા ને ઓછાવાળાને ઓછી, માટે મુસાફરખાનાના મુસાફરો સાથે નકામો કલેશ કરવો છોડો. જગ્યા અને હક્ક માટે ગમે એટલો કલહ કરશો તોય હમણા થોડા જ સમયમાં તમારે મુસાફરખાનું છોડવું પડશે, અને અહિંથી છૂટા પડ્યા પછી કયું સ્થાન કોની સાથે આવવાનું હતું ? તો પછી મૈત્રીભર્યો સંબન્ધ બાંધીને છૂટા કાં ન પડીએ કે જેથી કોઇકવાર ઓચિંતા ક્યાંક ભેટી પડીએ તો એક બીજાને જોતાં પ્રેમની છોળો તો ઊછળે !

ચાલો, ચાલો. જલ્દી કરો. સમય સાવ થોડો છે. કલહ બંધ કરી, નકામો બોજો ઓછો કરવા મંડી પડીએ. બિસ્તરા પોટલાં બાંધી લઇએ, જોઇતી વસ્તુ ખરીદી લઇએ, મિત્રોને જે કંઇ અન્તિમ ભલામણ કરવી હોય તે કરી લઇએ. ગાડી અણધારી આવશે ત્યારે સરસામાન બાંધવાનો, મિત્રોને મળવાનો અને શાન્તિભરી વિદાય લેવાનો સમય ક્યાંથી મળશે ? જો આપણે પહેલાં સજ્જ થઇને નહિ રહીએ તો મિત્રોને મળ્યા વિના, સ્વજનોને સૂચનો કર્યા વિના, ભાતાનો ડબો લીધા વિના અને પ્રિયજનોની સ્મરણ ભેટ સ્વીકાર્યા વિના જ, અણધારી ઘડીએ પ્રયાણ કરવું પડશે. અને અણધારી વિદાય કેવી આકરી, કેવી વિકટ અને કેવી માલ વિનાની હોય છે તે પણ શું મારે તમને સમજાવવું પડશે ? ના, ના. મિત્રો ! તમે સર્વ કંઇ જાણો છો. મારે કહેવાની કંઇ જ જરૂર નથી. પણ હું તમારો એક બોલકો મિત્ર છું અને મારે બોલવાની ટેવ છે એ તમે સૌ જાણો છો. એટલે આ બધું હું બોલી જાઉં છું. નહિતર મારે એક મિત્ર તરીકે આટલું જ નમ્ર સૂચન કરવાનું હોયઃ—

મિત્રો ! મૃત્યુની મહાગાડી આવવાનાં સર્વ સૂચનો થઇ ગયાં છે. અને ધરતીમાં એના ધબકારા પણ વાગી રહ્યા છે !

---

(પૃ. ૯૩); ૪, ૧૪ (પૃ. ૧૦૮); ૧૧, ૧૫ (પૃ. ૧૦૮); અને ૫, ૫

આગમોદ્ધારકે સિદ્ધસેન દિવાકરની દ્વાત્રિંશિકાઓની અકારાદિ ક્રમે અનુક્રમણિકા તૈયાર કરી હતી. જો એ છપાઇ હોત તો અવતરણોનાં મૂળ સ્થળો શોધનનું કાર્ય સુગમ બનતે, હવે કોઇ દ્વાત્રિંશિકાઓ છપાવે તો તેઓ આ બાબત લક્ષ આપવા કૃપા કરે એટલું હું નમ્રભાવે એમને સૂચવું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ પ્રાર્થના

( રાગ માઢ )

ભવજલ પાર ઉતાર, કૃપાધન ! ભવજલ પાર ઉતાર,
પામરતા નિવાર પ્રભુ ! મારી પામરતા નિવાર.
સમજ્યો નહિં હું સાર, કૃપાધન ! ભવજલ૦
"રત્ન" ચિંતામણી પામ્યો હું (પણ) મૂલ્ય ન જાણ્યા નાથ,
માનવ જન્મ પામ્યો હું વહાલા ! છોડયો નહિં અહંભાવ.
કૃપાધન ! ભવજલ૦
નર લોહ પર[1] કાટ ચડયો છે, કાનશ દે[2] કિરતાર,
ઘસી ઘસી હું કાટ ઉતારું, શુદ્ધ કરું અવતાર.
કૃપાધન ! ભવજલ૦
બાહ્ય સાધનનો સાધક[3] બન્યો હું, છૂટયો ન માયાપાશ,
હું, તું, ના ભેદે ભટકું છું, સ્થાપો હૈયા[4] સાથ.
કૃપાધન ! ભવજલ૦

સંઘવી ભવાનભાઇ પ્રાગજી.

---

૧ હૃદય પર માયા, વાસના આદિનો ચડેલો કાટ.
૨ વિપત્તીરૂપ ( કાનશ )
૩ ઉપાસક.
૪ હે પ્રભુ ! તારામય બનાવ.

# પ્રભુ પ્રાર્થના

જીવન સાગર ઘાટ, મને કોણ બતાવે વાટ ?
પ્રભુ ! કોણ બતાવે વાટ, તુજ વિણ કોણ બતાવે વાટ ?
પંથ લાંબો ને વાટો રે વસમી, ભોમિયો નથી સંગાથ. મને કોણ૦
મળવા મન તલસે છે, વહાલા ! અંધારે જીવ અથડાય. મને કોણ૦
સોનલ કોડિયે, અમૃત ભરીયાં[1], પ્રગટે ન દીપક નાથ ! મને કોણ૦
અમીમય જ્યોતે પ્રગટાવો, વહાલા ! પામું હું, આત્મપ્રકાશ.[2] પ્રભુ ! કોણ૦
જીવનસાગર ઘાટ, મને કોણ બતાવે વાટ ?

---

૧ આત્મા તારી ભક્તિથી ભર્યો છે. પણ સાચું ( સમ્યગ્જ્ઞાન ) જ્ઞાન પ્રગટતું નથી.
૨ પ્રભુ ! તારું સત્ય સ્વરૂપ દેખાય તો શુદ્ધ આત્માનુભવ થાય.

સંઘવી ભવાનભાઇ પ્રાગજી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સહજસમાધિ

સંગ્રાહિતઃ કમળા રતનચંદ સુતરિઆ, એમ. એ. બી. ટી.

"લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવ કાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતાઇ, સત્તા કે કુટુંબ પરિવારાદિ યોગવાળી હોય તો પણ તે દુઃખનો જ હેતુ છે, આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવ કાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તો પણ પરમસમાધિનું સ્થાન છે."

શ્રીમદ્ રાજચંદ્ર.

શું થયું શાસ્ત્ર પુરાણ દર્શન ભણ્યે
જોર ત્યાં અંતરે પાપ મેલો
વેદ ભારે જેમ ભણ્યો લંકાપતિ
ના થયો દેવ રાક્ષસ રહેલો
શું થયું જ્ઞાનની શુષ્ક વાતો કર્યે
ના થયું આત્મચારિત્ર સારું
તો પછી ભાર ચંદન ગધેડે વહ્યો
વાંદરાએ પીધો જેમ દારુ

તાંત્રિકો તેને "પ્રત્યક્ષ ગ્રહણ" કહે છે.

શાસ્ત્રોનો મર્મ જાણ્યા વગર તેની ઝીણી ઝીણી વિગતો જાણવાનો પ્રયત્ન કરવાથી શો લાભ? તેનો અંત પણ ક્યારે આવે? ગંગાને તીરે બેસી જલબિંદુ ગણવાથી તૃષાની તૃપ્તિ કે સ્નાનનો લાભ મળે ખરાં? ખરી વાત તો એ છે કે-જેમને શાસ્ત્રોનો મર્મ જાણવો છે, તેમને માટે ઘણાં શાસ્ત્રોનું અધ્યયન જરૂરી નથી, એ તો ગંગાને તીરે બેસી રેતીનાં રજકણો ગણવા જેવી વ્યર્થ સાધના છે.

આ જ્ઞાન છે અને આ જ્ઞેય છે એમ સાંભળતાં સાંભળતાં હજારો વર્ષો વહી જશે! અને તોય શાસ્ત્રોનો અંત કાંઇ આવવાનો હતો? ત્યારે બુદ્ધિમાન માનવે શું કરવું? જેમ ધાન્યની ઇચ્છા રાખનારો પરાર છૂટું કરી તેને ત્યજે છે; કારણ કે તેને જરૂર તો છે ધાન્યની, તેમ તત્ત્વના જિજ્ઞાસુએ બધાં શાસ્ત્રોનું તત્ત્વ શોધી લઇ અંતે શાસ્ત્રો ત્યજવાં જોઇએ.

વેદોના અધ્યયનથી કે શાસ્ત્રોના પઠનથી મુક્તિ મળતી નથી. મુક્તિ મળે છે કેવળજ્ઞાનથી, બીજા કશાથી નહિ; સત્યવાણી એકલી માત્ર મુક્તિપદા છે, બીજી બધી વિદ્યા છે વિડંબના. લાકડાંનો મોટો ભારો હોય તે કરતાં એક જ સંજીવની લતા પૂરતી છે.

જે બંધનમાં નાખે નહી તે કર્મ, જે મુક્તિ આપે તે વિદ્યા, પ્રયત્નપૂર્વક કરવામાં આવે તે બધાં અપર કર્મો છે, શિલ્પમાં નિપુણતા આપે તે બીજી વિદ્યા છે. જ્યાં સુધી પ્રયત્નની ગડમથલ હોય ત્યાં સુધી સંકલ્પ-વિકલ્પ હોવાના, જ્યાં લગી મનની સ્થિરતા ન થાય ત્યાં લગી તત્ત્વની વાતો શા કામની? તે રીતે—

જ્યાં સુધી તપ, વ્રત, તીર્થ, જપ, હોમ, અર્ચન, વેદ, શાસ્ત્ર, આગમ ઇત્યાદિ હોય ત્યાં સુધી તત્ત્વની વાત ક્યાંથી સંભવે?

પરંતુ જ્યારે સત્ય ધર્મનો અનુભવ પ્રગટશે ત્યારે બધા ભોગો યોગમાં ભળી જશે, જેમ પારસમણિના સ્પર્શ માત્રથી લોઢું કંચન બની જાય છે. જેમ પ્રભાતના અરુણના સ્પર્શ માત્રથી શ્યામ મેઘ સુવર્ણ મેરુ થઇ જાય છે, તેમ તે પરમ તત્ત્વના સ્વાનુભવથી પાપપુંજ સઘળા પુણ્યપુંજ થઇ ઝગહળી ઊઠે છે.

ભોગ યોગ થઇ જાય છે, પાતક સુકૃત બની જાય છે, અને સંસાર મોક્ષપ્રદ થઇ જાય છે; પરંતુ ક્યારે? સત્ય ધર્મનું દર્શન થયે.

એ સત્યનું જ્ઞાન કોનામાં પ્રકાશિત થાય છે? જેનું ચિત શુદ્ધ હોય, જે શાંત હોય, ધર્માણુ હોય, ગુરુસેવી હોય, સઘનો ભક્ત હોય, ગૂઢ માર્ગી હોય, તે તે જ્ઞાન પામે છે. એ તત્ત્વજ્ઞાન પામવા માટે ભાવશુદ્ધિ જોઇએ, વિનય જોઇએ, હર્ષ જોઇએ, સદાચારમાં દઢતા જોઇએ, અને સત્યના જ્ઞાન માટે પળાતા ધર્મોનું સેવન જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**HARVARD UNIVERSITY**
DEPARTMENT OF INDIC PHILOLOGY
WINDENER LIBRARY 273
**CAMBRIDGE 38, MASS.**

DANIEL H. H. INGALLS
Chairman

Guest House
Bhandarkar Oriental
Research Institute,
Poona 4. Nov. 18, 1952.

*Dear Jain Muni,*

I arrived in Poona yesterday morning after a comfortable trip back from Yeola. The hospitality which I received from you and the Jain Community in Yeola is something which I shall never forget. Nor shall I forget my long conversations with you. They transformed what was a latent curiosity in my mind about Jainism into an earnest desire to learn. So much is this true that despite the hundred chores which must occupy me during this my last week in Poona, I have already spent some hours reading in the books which you gave and I look forward with longing to the time when I shall have the leisure properly to study them.

I have read enough to realize what a princely gift these books are and how carefully you selected them. The Eight Volumes of the Śraman Bhagvān Mahāvira Commemoration set are an encyclopaedia of information. Then there are the works dealing with logic and metaphysics subjects of special interest to me: the Tatvārth-sūtra of Umāsvāti; the Pramāna-tattvālokālankāra; the Tattva-nyāyavibhākera; the Sammati-tattva-sopānam and the Jaina Tarka-Bhāsa. To furnish

---

ભલે બાંધવો નિંદે, સ્ત્રી-પુત્રો ત્યાગ કરે, મને જોઈને ભલે લોકો હસે, ભલે રાજાઓ મને દંડ દે; પરંતુ હે પ્રભુ! મન, વાણી કે કાયાથી તમારું કર્મ નહિ છોડું. ભલેને ગમે તેટલી આપત્તિઓ આવે; પરંતુ તેની ભકિત દૃઢ છે, નિર્ણય સિદ્ધ છે, આવો ભક્ત દેવોથી પણ પૂજાય છે, તે જીવ મટી શિવ બને છે, લોકો પ્રશંસે કે નિંદે, લક્ષ્મી આવે કે મૃત્યુ આજે આવે કે યુગાંતે; પરંતુ તે સત્યનો ત્યાગ કરતો નથી, તેને નથી અર્થનો લોભ, નથી ક્રોધ, નથી દ્વેષ, નથી મત્સર, નથી કામ, નથી ભય. સત્ય એક વાર લાધ્યું કે તે પછી તે કશાથી ડરતો નથી.

જેની ઇંદ્રિયોનો બધો વ્યાપાર શાંત થઈ ગયો, જેનો આત્મા આપમેળે નિર્મળ હોય અને જે મૃતવત્ હોય તેને ખરો " જીવંનમુકત " ગણવો.

જ્યારે દેશાભિમાન ગળી ગયું હોય, પરમ આત્મ-તત્ત્વનું વિજ્ઞાન થયું હોય, ત્યારે જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં સમાધિ થાય છે.

જે સર્વંવ્યાપી; શાંત, આનંદ સ્વરૂપ, અવ્યયને જુએ છે, તેને કશું જાણવાનું કે ન જાણવાનું રહેતું નથી.

આનું નામ છે " સહજસમાધિ ", ત્યાં બધી માનસિક સમસ્યાઓનું સમાધાન થઈ જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



me with exact dates there is the Pattavali Samuchaya. For moral and ethical instruction there is Dharmabindu of Sri Haribhadrasuri and the poetical works of Muni Nyayavijayaji. Although I am diffident of taking up the study of a new language, the Supāsnāha-Cariam has almost persuaded me to learn Jain Prākrit, both from the interest of poem itself and from the facility for learning offered by the Sanskrit translation of the verses. With this and the Prākrit Laksanam which you included I should be able to teach myself, perhaps enough to read the Uttarādhyayana-sutram which you tell me is to Jainism what the Gitā is to Hinduism.

Even all these do not complete the list of your gifts, for which I cannot sufficiently thank you except perhaps by one means: by learning from the wisdom you have set before me and passing on what I have learned to others.

I notice that the Sraman Bhagvān Mahāvira Volumes are donated through the generosity of Shet Bakubhāi Manilāl and you told me that some other volumes are likewise due to the generosity of your friends. Would you please express to them particularly my deep thanks for their donations. !

Very Sincerely Yours,
(*Deniel H. H. Ingalls*).

## હારવર્ડ યુનિવર્સિટી

**ડીપાર્ટમેન્ટ ઑફ ઈન્ડીક ફાઇલૉલૉજી**

વીન્ડનર લાઇબ્રેરી ૨૭૩
કેમ્બ્રીજ ૩૮, (માસ)

**ડેનિયલ એચ. એચ. ઇન્ગોલ્સ**
પ્રમુખ

ગેસ્ટ હાઉસ
ભાન્ડારકર ઓરીયન્ટલ
રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ
**પુના ૪ નવે. ૧૮, ૧૯૫૨**

**વ્હાલા જૈન મુનિશ્રી,**

યેવલાથી સગવડભરેલી મુસાફરી પછી હું ગઇ કાલે સવારે પૂના આવી પહોંચ્યો છું. જે આતિથ્ય આપના તરફથી તથા યેવલાના સંઘ તરફથી મળ્યું તે હું કદિ પણ ભૂલીશ નહિ, તેમજ આપની સાથે લંબાણપૂર્વકની વાતચીતો પણ હું ભૂલીશ નહિ. તેને પરિણામે મારા મનમાં જૈનદર્શન વિષે જાણવાની જે ગુપ્ત જિજ્ઞાસાવૃત્તિ હતી તે જૈનદર્શનનો અભ્યાસ કરવાની ઉત્કટ ઇચ્છામાં ફેરવાઈ ગઈ છે. આ બીના એટલી બધી સત્ય છે કે પૂનામાં મારા રોકાણ દરમિયાન અનેક પ્રવૃત્તિઓમાં હું રોકાયેલો હોવા છતાં તમે જે પુસ્તકો મને આપ્યા હતા તે વાંચવામાં મેં ઘણા કલાક ગાળ્યા છે, અને એવા સમયની હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતુરતાપૂર્વક રાહ જોઇ રહ્યો છું કે ક્યારે મને તે પુસ્તકોનો યોગ્ય અભ્યાસ કરવાનો અવકાશ મળે. તે પુસ્તકો વાંચીને હું સમજી શક્યો છું કે આ પુસ્તકો ખરેખર કેવી અમૂલ્ય ભેટ છે અને આપે કેટલી કાળજીથી તેની પસંદગી કરી છે.

શ્રમણ ભગવાન મહાવીર ચરિત્રના આઠ ગ્રંથો ખરેખર જ્ઞાનનો ભંડાર છે. એ સિવાય ન્યાય અને અધ્યાત્મવિદ્યાના ગ્રંથો છે જે વિષયમાં મને ખાસ રસ પડે છે. ઉમાસ્વાતિનું તત્ત્વાર્થસૂત્ર, પ્રમાણ-તત્ત્વાલોકાલંકાર, તત્ત્વન્યાયવિભાકર, સંમતિતત્ત્વસોપાનમ્ અને જૈન તર્ક ભાષા, ચોક્કસ સમયથી મને માહિતગાર કરવા માટે પટ્ટાવલીસમુચ્ચયનો પણ ગ્રંથ છે. નૈતિક શિક્ષણ માટે શ્રી હરિભદ્રસૂરિનો "ધર્મબિન્દુ" ગ્રંથ છે તેમજ મુનિ શ્રી ન્યાયવિજયજીના કાવ્યગ્રંથો છે. જો કે નવી ભાષાનો અભ્યાસ કરવામાં મને શંકા છે તો પણ સુપાસનાહ ચરિયમ્ નામના ગ્રંથ-શ્લોકોના સંસ્કૃત ભાષાંતરથી તે ભાષા શીખવાની જે સગવડ મને મળી છે અને તે કાવ્યથી જે રસ ઉત્પન્ન થયો છે તે ઉપરથી મને પ્રાકૃત ભાષા ભણવાની પ્રેરણા મળી છે. આનાથી તેમજ પ્રાકૃતલક્ષણમ્નો ગ્રંથ જે આપે તેની સાથે મોકલ્યો છે તેની મદદથી તમે કહો છો તેમ હિંદુધર્મનો ગ્રંથ જેમ ગીતા છે તેમ જૈનદર્શનનો ગ્રંથ ઉત્તરાધ્યયન સૂત્ર છે તે ગ્રંથ વાંચવા જેટલું હું પોતે મારી મેળે શીખી શકીશ.

તમારાં ભેટ પુસ્તકોની યાદી આનાથી પૂર્ણ થતી નથી અને તેને માટે જે પુસ્તકો તમે મને મોકલ્યાં છે તેનો અભ્યાસ કરીને અને તેમાંથી મેળવેલું જ્ઞાન બીજાને સમજાવીને જ તમે મારા ઉપર કરેલા ઉપકારનો યત્કિંચિત્ બદલો વાળી શકું—તે સિવાય બીજી કોઇ રીતે વાળી શકાય નહિ.

હું જોઇ શક્યો છું કે શ્રમણ ભગવાન મહાવીર ચરિત્રના ગ્રંથો શેઠશ્રી બકુભાઇ મણીલાલે ઉદારતાથી ભેટ આપ્યા છે અને આપે મને કહ્યું કે કેટલાક બીજા ગ્રંથો આપના મિત્રોએ ઉદારતાપૂર્વક ભેટ આપેલા છે.

કૃપા કરીને મારા ઊંડા આભારની લાગણી તે સૌને પહોંચાડશોજી.

સદા આપનો જ

**ડેનીયલ એચ. એચ. ઇન્ગોલ્સ.**

---

## HARVARD UNIVERSITY
### DEPARTMENT OF INDIC PHILOLOGY
WINDENER LIBRARY 273

**CAMBRIEGE 38, MASS.**

DANIEL H. H. INGALLS
Chairman

Guest House
Bhandarkar Oriental
Research Institute,
Poona 4. Nov. 18, 1952.

*Dear Mr. Popatlal Rupchand,*

I arrived back in Poona yesterday morning after a comfortable trip from Yeola. I write now to thank you and your freinds in the Jain community for the unparallelled hospitalіty which you granted me. I shall never forget my two day visit to Yeola when I found such

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



deep wisdom in the person of Jain Muni Jambuvijay and such kindness and generosity in you and in your freinds.

To have met these virtues in a foreign land and to have found so quickly freinds instead of strangers almost persuades me that the world can someday be a place of happiness and peace. Certainly the world could be this now if there were more people in it like you and those whom I met at your house.

Please convey my kindest regards to all the genetlemen from Yeola and Malegaon whom I met and talked with during my visit. If you or any of them should ever come to America, I beg you to visit me so that I can attempt to return in some part your kindness.

Very Sincerely Yours,
( *Daniel H. H. Ingalls* )

હારવર્ડ યુનિવર્સિટી
ડીપાર્ટમેન્ટ ઑફ ઇન્ડીક ફાયલેલૉજી
વીન્ડનર લાયબ્રેરી ૨૭૩
કેમ્બ્રીજ ૩૮ ( માસ )

ડેનીયલ એચ. એચ. ઇન્ગોલ્સ
પ્રમુખ

ગેસ્ટ હાઉસ
ભાન્ડારકર ઓરીયન્ટલ
રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ
પુના ૪ નવે. ૧૮, ૧૯૫૨.

**વ્હાલા શ્રી પોપટલાલ રૂપચંદ,**

યેવલાથી સગવડભરી મુસાફરી કરીને હું ગઈ કાલે સવારે પુના પાછો આવ્યો છું. તમે સૌએ મારું જે અનુપમ સ્વાગત-આતિથ્ય કર્યું છે તે માટે હું તમારો સૌનો આભારી છું. મેં જૈન મુનિશ્રી જમ્બૂવિજયજીમાં એટલું પ્રખર જ્ઞાન જોયું અને તમારામાં તથા તમારા મિત્રોમાં એટલું બધું ઔદાર્ય જોયું કે યેવલાની મારી બે દિવસની મુલાકાત કદી ભૂલીશ નહિ.

પરદેશમાં આવી સદ્દગુણશાળી વ્યક્તિઓને મળ્યા પછી-પરદેશી લોકો સાથે આટલી ત્વરાથી મૈત્રી થઈ ગયા પછી મને સહજ થઇ આવે છે કે જગતમાં એક દિવસ સુખ અને શાંતિ પ્રસરશે જ. વળી જો જગતમાં તમારી જેવા અને તમારે ઘરે જેઓને હું મળ્યો તેમનાં જેવા લોકો વધારે સંખ્યામાં હોય તો જગતમાં અત્યારે જ સુખ-શાંતિ પ્રસરી જાય.

માલેગાંવ તથા યેવલામાં જે સજ્જનોને હું મળ્યો છું અને જેમની સાથે વાર્તા-વિનોદ કર્યો છે તે સૌને કૃપા કરી મારા સસ્નેહ પ્રણામ પાઠવશો. તમે પોતે અથવા તેઓમાંથી કોઇને અમેરિકા આવવાનું બની આવે તો મને જરૂર મળશો એવી વિનતિ છે કે જેથી હું તમે સૌએ મારા પ્રત્યે બતાવેલા સદ્દભાવનો કિંચિદંશે બદલો વાળવા યત્ન કરું.

તમારો જ
ડેનીયલ એચ. એચ. ઇન્ગોલ્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ( ખલિલ જિબ્રાનકૃત )

## વિદાય વેળાના ભાષાંતરમાંથી

## સં. સંઘવી ભવાનભાઈ પ્રાગજી.

અલ-મુસ્તફા[1] એમનું નામ હતું.

ઇશ્વરે તેમના પર પોતાની મહેર વરસાવી હતી, અને પોતાના પ્રેમના ભાજન કર્યા હતા.

ઉષાની જેમ તેમણે પોતાનો દહાડો શોભાવ્યો હતો.

અને જન્મભૂમિ ( સ્વધામ ) પ્રત્યે પાછા વળી જનારા પોતાના વહાણની રાહ જોતા તે ઘણા વર્ષથી એક ( અરણ્યાતના ) શહેરમાં વસતા હતા.

વહાણ આવે છે અને તેની વિદાયની જાણ થતાં દૂરથી સ્ત્રીઓ અને પુરુષો પોતાનાં કામ છોડી ઉતાવળે ઉતાવળે નગરના દરવાજા તરફ ધસતા તેણે જોયા.

અને તેમણે પોતાનું નામ લેતાં અને પરસ્પરને સાદ દઇ એમનું વહાણ આવી પહોંચ્યાના ખબર આપતાં સાંભળ્યા.

પછી તે વિચારવા લાગ્યા;

શું વિદાયનો દિવસ મેળાવડાનો દિવસ બનશે?

શું મારું હૃદય ફળોના ભારથી લચેલું એક વૃક્ષ બનશે ખરું! કે જેના પાણીથી હું તેમના પાત્રો ભરી દઇ શકું?

બળવંત[2]! પોતાના હાથ વડે છેડી લે કે શ્વાસવડે ભરી દે એવી વીણા કે બંસી હું છું ખરો?

હું તો કેવળ એક મૌન શોધનારો રહ્યો છું; એ મૌનમાંથી એવાં કયાં રત્નો મને મળ્યાં છે કે જે હું હિમ્મત કરીને વહેંચી આપું?

સાચે જ, જો મારો દીવો ઊંચે ધરવાની આ ઘડી આવી હોય તો તે દીવામાં બળનારી જ્યોત મારી નથી.

ખાલી અને અણચેતાવેલો જ હું મારા દીવાને ઊંચો ધરીશ.

૧ અલમુસ્તફા-પ્રભુનો અનુગ્રહ પામેલો.

૨ બળવંત-ઇશ્વર.

રાત્રિનો નાથ જ તેમાં તેલ પૂરશે અને તેને ચેતાવશે યે તેજ.[3]

અને જ્યારે તે નગરમાંથી બહાર નીકળતા હતા ત્યારે બધા લોકો તેમને મળવા માટે આગળ આવ્યા; ને એકે અવાજે તેઓ તેમને જ બોલાવતા હતા.

પછી નગરના માણસો ( ઘરડેરાઓ ) આગળ આવીને કહેવા લાગ્યા—

હજુ હમણાં તમે અમને છોડીને જાઓ.

અમારી સંધ્યાઓની વચ્ચે તમે મધ્યાહ્નરૂપ થયા છો, અને તમારી જુવાનીએ અમને અમારાં સ્વપ્નો પૂરાં પાડ્યાં છે.[4]

તમે અમારી વચ્ચે પરદેશી નથી કે પરોણાપે નથી પણ અમારા-દીકરા, અમારા વહાલા અને માનીતા છો.

હજુ અમને( અમારી આંખોને )તમારા દર્શનની પૂર્ણ પ્યાસ છે.

અમે તમને ઘણું ચાહ્યા છે, પણ તે પ્રેમ વાણી વિનાનો હતો અને પડદા નીચે ઢંકાઇ રહેલો હતો.

છતાં આજે તમારી પ્રત્યે પોકારીને બોલે છે અને તમારી સમક્ષ પ્રગટ થયા કરે છે.

કારણ સનાતન નિયમ છે કે વિયોગની ઘડી આવી લાગતાં લગી પ્રેમને પોતાની તીવ્રતા સમજાતી નથી.

સૌ તેને વિનવવા લાગ્યા પણ તેણે કશો જવાબ વાળ્યો નહીં. માત્ર તેમણે પોતાનું માથું નીચે નમાવી દીધું અને જે નજીક ઊભેલા હતા તેમણે એમની છાતી પર આંસુ ટપકતાં જોયાં, અને એક વડેરાને

૩ શું બોલવું તેનો હું કંઇ પણ વિચાર કરી રાખતો નથી. ઈશ્વર જેમ બોલાવશે તેમ બોલીશ.

૪ સંધ્યા (અજ્ઞાનની) મધ્યાહ્ન-જ્ઞાનનું-જુવાની ઉત્સાહ, જ્ઞાન, સ્વપ્નો ( ઉચ્ચ અભિલાષાઓનાં ) જેમ કે અમે અજ્ઞાન અને નિરાશાથી ઘેરાયેલાં હતા તેમને તમે જ્ઞાન અને આશાથી ભર્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલતાં સાંભળ્યો કે હવે તમે અમને છોડી જાઓ તે પહેલાં અમારી માગણી છે કે તમે અમને કાંઇક કહેતા જાઓ અને તમારા સત્યના ભંડારમાંથી અમને કંઇક આપતા જાઓ ત્યાં એક ધનવાને કહ્યું કે અમોને દાનનો ધર્મ સમજાવો.

મુસ્તફા જવાબ આપે છે.—

એ દાન અતિ અલ્પ છે, જે કેવળ તમારા સંગ્રહમાંથી તમે કાઢી આપો છો.

જ્યારે તમે તમારા જીવનમાંથી કાઢીને આપો, ત્યારે જ સાચું દાન થાય છે.

આવતી કાલે કદાચ તંગી પડે એ ધાસ્તીથી રાખેલી અને સાચવેલી ચીજો-એ સિવાય સંગ્રહનો બીજો શો અર્થ છે ?

અને આવતી કાલે ?-આવતી કાલે કામ લાગશે એ વિચારથી યાત્રાઓના સંઘ જોડે રેતીના રણમાંથી જનારો કોઇ અતિ શાણો કૂતરો રસ્તામાં હાડકાંને દાટતો દાટતો જાય તેને એ આવતી કાલ શું આપશે વારુ ?

અને તંગીની ધાસ્તી એ જાતે જ તંગી નથી શું ?

ભરેલે કૂવે જેને તૃષ્ણાની ધાસ્તી લાગે છે, તેજ અતૃપ્ય તૃષ્ણા નથી શું ?

કેટલાક પોતાના મોટા સંગ્રહમાંથી થોડુંક દાન કરે છે, અને તેની કદર થાય એમ ઇચ્છે છે; તેમના મનમાં છુપાયેલી આ ઇચ્છાને લીધે તે દાનો અનર્થકારી થાય છે.

અને કેટલાક પાસે થોડું જ હોય છે, પણ તે સઘળું તે દઇ દે છે.

તેઓ આત્મામાં અને આત્માના ભંડારમાં શ્રદ્ધા રાખવાવાળા છે, અને તેમની થેલી કદી ખાલી થતી નથી.

અને કેટલાક હર્ષભેર આપે છે, અને તે હર્ષ જ તેમને બદલારૂપે છે.

અને કેટલાક દુઃખ માનીને આપે છે, અને તે દુઃખ જ તેમની દીક્ષા થાય છે.

અને કેટલાક આપે છે અને તે આપવામાં નથી દુઃખ માનતાં અને નથી હર્ષ ને શોધતા, તેમજ નથી કાંઇ પુણ્ય કર્યાનો ખ્યાલ ધરાવતા.

તેઓ જેમ પેલી કુંજમાંની પુષ્પલતાઓ દશે દિશાઓમાં પોતાનો સુવાસ પાથરી દે છે, તે પ્રમાણે આપે છે.

આવાઓનાં હાથદ્વારા ઇશ્વર ઉચ્ચારે છે અને એમની આંખોની પાછળ રહી પૃથ્વી ઉપર તે પોતાનું સ્મિત વરસાવે છે.

માગે ત્યારે આપવું એ સારું છે, પણ વગર માગ્યે, મનથી જાણી જોઇને આપવું એ વધારે સારું છે.

અને જે હાથનો છૂટો છે તેને તો દાન આપવાના આનંદ કરતાં દાનનો લેનારો મળે એજ વસ્તુ વધારે આનંદ ઉપજાવે છે.

અને એવું શું છે જે તમે રાખી મૂકો ?

બધુંયે કોઈ દિવસ આપવાનું જ છે;

ત્યારે આજેજ આપો જેથી દાનની તક તમારી થાય, તમારા વારસોની નહીં.

તમે ઘણીવાર કહો છો, " હું આપું ખરો, પણ માત્ર પાત્રને જ. "

તમારી વાડીના વૃક્ષો એમ કહેતાં નથી, તેમજ નથી કહેતાં તમારા ઘરની ગમાણની ગાય, ભેંસો તથા તમારા નેસના ઘેટાં,

તેઓ આપે છે, કેમકે તેઓ જીવવા ઇચ્છે છે, કારણ કે રાખી મૂકવું એટલે મરવું.

જે એના દિવસો અને એની રાત્રીઓ, મેળવવા પાત્ર થયો છો તે તમારી પાસેથી બીજું બધું મેળવવા પાત્રજ ગણવો જોઇએ.

અને જે જીવન સાગરનું જળ પીવા લાયક લેખાયો છે, તે તમારા નાનકડા ઝરણામાંથી પોતાનો પ્યાલો ભરી લેવાને લાયક જ છે.[૫]

૫ કે જેને પરમેશ્વરે આયુષ્ય અને જીવનનું દાન મેળવવા પાત્ર ગણ્યો છે, તે આયુષ્ય અને જીવન કરતાં ઓછાં મૂલ્યની વસ્તુઓ મેળવવાને પાત્ર હોય એમાં શું કહેવું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધસ્વરૂપ.

**શ્રી વસંતલાલ કાન્તિલાલ ઇશ્વરલાલ. બી. એ.**

શ્રી તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે-**कृत्स्नकर्मक्षयो मोक्षः** અર્થ: સંપૂર્ણ કર્મનો ક્ષય તે મોક્ષ છે. કર્મ મુક્તિને મોક્ષ છે એ વ્યાખ્યા મોક્ષનું નકારાત્મક-નિષેધાત્મક કે અભાવાત્મક સ્વરૂપ બતાવે છે. મોક્ષમાં કર્મબંધનો આત્યંતિક ક્ષય છે એ દ્વારા સિદ્ધસ્વરૂપમાં શું શું નથી તે વર્ણવ્યું છે. મોક્ષમાં શું શું છે તે તો શ્રી હરિભદ્રસૂરિ ધર્મબિંદુમાં વર્ણવે છે કે **विशुद्धस्वरूपलाभ इति** વિશુદ્ધસ્વરૂપનો લાભ છે. આ છે મોક્ષનું વિધેયાત્મક ને ભાવાત્મક સ્વરૂપ.

એ સિદ્ધસ્વરૂપને જેઓએ કલ્પનાની કડછીથી નહિ પણ જીભના રસાસ્વાદથી જાણ્યું છે તેઓએ થોડીક સિદ્ધલોકની રૂપરંગરેખા ઉપસાવવા પ્રયત્ન કર્યો છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય એ સિદ્ધ-પરમાત્માનું સ્વરૂપ વર્ણવતાં કહે છે કે—

**उपाधिजनिता भावा ये जन्मजरादिकाः ।**
**तेषां तेषां निषेधेन सिद्धरूपं परमात्मनः ॥**

(પરમાત્મદર્શન પચ્ચીસી:, શ્રી યશોવિજયજી)

**અર્થ:**—કર્મરૂપ ઉપાધિથી ઉત્પન્ન થનારા જે જે જન્મ-જરાદિક ભાવો છે તે તે ભાવોનો નિષેધ થવાવડે પરમાત્માનું સ્વરૂપ સિદ્ધ થાય છે. સંસાર અને મુક્તિ એ બે પરસ્પર વિરોધી દશા છે. એક છે વિકૃતિમય જીવન; બીજી છે પૂર્ણશુદ્ધિ. સંસારી જીવનનું પૃથક્કરણ કરો ને જે હીન તત્ત્વો મળી આવે તેનો મુક્તામાની પૂર્ણસ્થિતિમાં સદંતર અભાવજ મળવાનો. સંસારમાં જે કાંઇ છે તેનો અભાવ કલ્પીને મુક્તમુદ્દશાનું કાલ્પનિક ચિત્ર આલેખાયું છે. આચાર્ય હેમચંદ્રાચાર્ય પણ આ રીત અખત્યાર કરે છે. તેઓ લખે છે:—

**यदेव सर्वसंसारी जन्तुरुपविलक्षणम् ।**
**परीक्षन्तां कृतधीयस्तदेव तव लक्षणम् ॥**

(વીતરાગસ્તોત્ર શ્રી હેમચંદ્રાચાર્ય)

**અર્થ:**—હે સ્વામિન્! સર્વ સંસારી જીવોના સ્વરૂપથી જે કાંઇ વિલક્ષણ સ્વરૂપ આ જગતમાં પ્રતીત થાય છે તે જ આપણું લક્ષણ છે એમ બુદ્ધિમાન પુરુષ કહે છે. સંસારધર્મ ને સ્વરૂપધર્મ વચ્ચે પરસ્પર વિગ્રહ છે. એકનો પરાજય તેમાં બીજાનો જય છે. મુક્તિનો જય એટલે સંસારનો પરાજય. આથી જ સંસારી આત્મામાં જે જે વિજાતીય દ્રવ્યે ઉત્પન્ન કરેલ વૈભાવિક અવસ્થા છે તે મુક્તાત્મામાં નથી એ શ્રી યશોવિજયજી કે આચાર્ય

---

અને જે સ્વીકારવાની હિંમત અને આત્મવિશ્વાસ નહીં-ઉદારતા દેખાડે છે, તેના કરતાં વિશેષ પાત્રતા હોઇ શકે?

અને એવા તમે તે કોણ મોટા છો, જે લોકો તમારી આગળ આવી પોતાની છાતી ખુલ્લી કરે અને પોતાના સ્વાભિમાન પરનો પડદો ખસેડી લે, કે જેથી તમે તેમની પાત્રતાને નવસ્રો અને તેમના અભિમાનને નિર્લજ્જ સ્થિતિમાં જોઇ શકો? [૬]

પહેલાં એ તપાસો કે તમે જ દાતા થવાને અને દાનનું સાધન થવાને લાયક છો કે?

કારણ સત્ય તો એ છે કે ચૈતન્ય જ ચૈતન્યને આપે છે,—અને તમે જે પોતાને દાતા માનો છો, તે તો કેવળ સાક્ષી જ છો.

અને હે દાન સ્વીકારનારાઓ! અને તમે બધાયે દાનો સ્વીકારો છો-તમે કૃતજ્ઞતાનો ભાર માની, પોતા પર તેમ જ દેનાર પર ધૂંસરી ન લાદશો.

પણ દાતાની સાથે, જાણે પાંખો મળી હોય-તેમ તેના દાન પર ચડી ઊંચા ચડજો;

કારણ ઋણનો અતિ ખ્યાલ કર્યા કરવો એ તો જેની વસુંધરા સમી ઉદાર માતા અને ઇશ્વર સમા પિતા છે, તેની ઉદારતા પર શંકા આણવી ગણાય.

---

૬ પાત્ર માણસ પોતે પાત્ર છે એમ બતાવવા માટે પોતાની દરિદ્રતા પ્રગટ કરે અને સ્વાભિમાનને રાખીને રહ્યો હોય તે ઉતારી નાખે એવી તમારી શી લાયકાત છે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેમચંદ્રાચાર્યની જેમ આચાર્ય સિદ્ધસેનદિવાકરસૂરિ પણ ભારપૂર્વક જણાવે છે. તેઓ લખે છે—

न योगा न रोगा न चोद्वेगवेगाः,
स्थितिर्नो गतिर्नो न मृत्युर्न जन्म।
न पुण्यं न पापं नयस्यास्ति बंधः;
स एकः परमात्मागतिर्मे जिनेन्द्रः॥

( શ્રી વર્દ્ધમાનદ્વાત્રિંશીકા. દિવાકરસૂરિ )

**અર્થઃ**—જ્યાં યોગ, રોગ ને ઉદ્વેગના રોગ નથી, જન્મ, સ્થિતિ ને ગતિ નથી ને પુણ્ય પાપ ને બંધ નથી તે પરમાત્મા મારી ગતિ થાવ.

આ રીતે પૂર્વાચાર્યોએ સિદ્ધસ્વરૂપ એટલે સંસાર-સ્વરૂપનો સર્વાંશે અભાવ તે ભારપૂર્વક જણાવ્યું છે. સિદ્ધાત્મામાં શું શું નથી તેનું અનુમાન સંસારી જીવન પરથી કર્યું છે. સિદ્ધસ્વરૂપને વર્ણવવામાં આનાથી આગળ તેઓ વધતા નથી. ત્યાં શું શું નથી તે તો વર્ણવ્યું પણ શું શું છે તે તો વર્ણવો ત્યારે તેઓ કેવળ મહામૌન જ રાખે છે. સુખ દુઃખને તો આપણે ઓળખીએ છીએ. પુણ્ય, પાપ ને બંધને ઓળખીએ છીએ. પણ તેઓના અભાવથી જે મહાશૂન્ય ઉત્પન્ન થાય છે તેને તો આપણે અગમ્ય-અલખ ને અપારરૂપે વર્ણવીએ છીએ. આપણા વ્યવહારિક જીવન પાછળ સુખ દુઃખનો સિદ્ધાંત કાર્ય કરી રહ્યો છે અને આપણા તાત્ત્વિક જીવન પાછળ પુણ્ય પાપનો સિદ્ધાંત સંચાલન કરી રહ્યો છે, પણ મુક્તાત્મામાં તો સુખ દુઃખ કે પુણ્યપાપ જેવી વસ્તુ જ નથી. ત્યાં સ્વરૂપરમણતા છે પણ એ સ્વરૂપરમણતામાં સ્વરૂપ શબ્દથી એકે આપણો ઓળખીતો પદાર્થ આંખ સામે આવતો નથી. જન્મવું મરવું-મેળવવું ગુમાવવું-હસવું રડવું આ બધી આપણી એટલી સર્વસામાન્ય ટેવો છે કે તે ટેવો સિવાયનું અસ્તિત્વ આપણને અંધકારમય લાગે છે. આનું કારણ શું ? કવિવર ટાગોર આનું કારણ આપે છે. તે લખે છે કે-વાસણનું પાણી ઝગઝગાટ મારે છે. પણ દરિયાનું પાણી તો શ્યામ છે. તેવી રીતે નાના સત્યોને સુંદર શબ્દોમાં સ્પષ્ટપણે વ્યક્ત કરી શકાય છે પણ મહાન્ સત્યો માટે મહાન્ શાંતિ જોઇએ. નોબેલ પ્રાઇઝ વિજેતા મેરીસ મેટરલિંક પણ આ પરમાત્મ સ્વરૂપનો પરિચય કરવા silence free of thoughts બુદ્ધિ-પારના નિગૂઢ મૌન પર ભાર મુકે છે. મહામૌનજ સિદ્ધસ્વરૂપને ઓળખી શકે છે. આ મૌન એટલે વાણીનો ત્યાગજ નહિ. સ્થિર મન થાય છે ત્યારે તેમાં આવું મૌન પ્રકટે છે. અસ્થિર જળમાં વસ્તુનું પ્રતિબિંબ આપણે જોઇ શકતા નથી પણ સ્થિર જળમાં સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. તેમ અસ્થિર મનમાં પરમાત્માનું પ્રતિબિંબ પડતું નથી, સ્થિર મનમાં પડે છે. સ્થિર મન એટલે પારકી પૌદ્ગલિક અસરથી સંપૂર્ણ મુક્તિ. આવા સ્થિર મનદ્વારા સિદ્ધલોકનો અલૌકિક પ્રકાશ જીવનમાં પથરાય છે જેમ બંસરી કૃષ્ણના હોઠ પરનું સ્મિત ચોરીને ગોપીઓના જીવન પર પાથરતી. આવો થોડોક અનુભવ થાય છે ત્યારે સિદ્ધર્ષિ ગણિ જેમ આપણે ગાઇએ છીએ.

विलोकीते महाभागः त्वयि संसारपारगे।
आसितुं क्षणमप्येकं संसारे नास्ति मे रतिः॥

( ઉપમિતિભવપ્રપંચ કથા. સિદ્ધર્ષિગણિ )

**અર્થ**-હે મહાભાગ ! સંસારથી પાર પામેલા એવા આપને જોયા પછી આ સંસારમાં એક ક્ષણ પણ રહેવામાં મને આનંદ પડતો નથી.

આવું સ્વસંવેદન જ્ઞાનજ સિદ્ધસ્વરૂપનું રહસ્ય ઉઘાડે.

## શ્રીયુત્ ગુલાબચંદજી ઢઢ્ઢાનો સ્વર્ગવાસ.

શુમારે બાશી વર્ષની વૃદ્ધ વયે તા. ૨૩-૧૨-૫૨ ના રોજ માન્યવર શ્રી ઢઢ્ઢા સાહેબનો જયપુરમાં ( તેમના વતનમાં ) સ્વર્ગવાસ થયો છે. તેઓશ્રી પરમ શ્રદ્ધાળુ, એમ. એ. થયેલા અને એક સજ્જન પુરુષ હતા. સં. ૧૯૫૭ ની સાલમાં ફલોધી તીર્થમાં જૈન કોનફરન્સનો તેમના જ પ્રયત્નથી જન્મ થયો હતો. પ્રથમ જયપુર સ્ટેટના ઉચ્ચ અધિકાર ઉપર હતા. પછી પુના બેંકના મેનેજર થયા હતા. પછીની વયે જૈન સમાજના ઉત્કર્ષ માટે અને કોન્ફરન્સ માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ॥ श्रेयस्कर-विघ्नहर-श्रीशंखेश्वरपार्श्वनाथजिनेन्द्राय नमः ॥

॥ श्रीमद् आचार्यदेव श्रीविजयानंदसूरीश्वरजीपादपद्मेभ्यो नमः ॥

# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો

૫૬ મા વર્ષનો

# રિપોર્ટ.

( સંવત ૨૦૦૮ ના કાર્તિક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધી )

## મુખ્ય સેક્રેટરીનું નિવેદન*

**માન્યવર પેટ્રન સાહેબો, પ્રમુખ મહાશય અને પ્રિય સભાસદ બંધુઓ—**

પરમ આરાધનીય દેવ, ગુરુ અને ધર્મ—એ રત્નત્રયીની ભક્તિ કરતી, તેઓની પરમકૃપાથી પ્રગતિ સાધતી તેમજ દિવસાનુદિવસ પ્રતિષ્ઠા અને ગૌરવમાં અભિવૃદ્ધિ કરતી આપણી સભાનો છપ્પનમા વર્ષનો, આવક-જાવક, કાર્યવાહી તેમજ સરવૈયું વિગેરેનો રિપોર્ટ રજૂ કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે.

સર્વ સભાસદ બંધુઓ તેમજ જૈન સમાજના વિચારશીલ બંધુઓ આ વાંચી, વિચારી કાર્યવાહકોની આત્મકલ્યાણની આ પ્રશસ્ત પ્રવૃત્તિમાં જોડાય, અને અનુમોદનાદ્વારા દેવ, ગુરુ અને ધર્મની ભક્તિમાંથી જે જે અનુકરણીય અને હિતકર જણાય તે ગ્રહણ કરે તેમ ઇચ્છીએ છીએ. કેટલીક સંસ્થાઓએ અમારી વહીવટી-પદ્ધતિની પ્રશંસા કરી તદનુરૂપ ફેરફાર કર્યા છે તેવી હકીકત જાણીને અમોને ઘણો જ આનંદ થયો છે અને તેવી કોઇ પણ સંસ્થા કે મંડળ પોતાની પ્રતિષ્ઠા તેમજ ગૌરવમાં વધારો કરી સ્થિતિસ્થાપક બને તો અમે અમારી જ્ઞાનભક્તિ ને ગુરુભક્તિ માટેનો હેતુ સફળ થયો માનીશું.

દરવર્ષે વિસ્તૃત માહિતી આપતો આ રિપોર્ટ પ્રકાશિત કરવાનો અમારો હેતુ એ છે કે–તેથી એકબીજાના અનુભવનો વિશેષ લાભ મળે, દેવ, ગુરુ અને ધર્મભક્તિના કાર્યોમાં વૃદ્ધિ થાય તેમજ સંસ્કાર ને ધર્મભાવનાને પુષ્ટ કરે તેવા ગ્રંથોનું પ્રકાશન વધે.

આગલા વર્ષોની કાર્યવાહીથી આપ તે તે વર્ષોના રિપોર્ટથી વાકેફ છો. પ્રસ્તુત વર્ષની કાર્યવાહી અને આવતા વર્ષનું બજેટ આપ સમક્ષ રજૂ કરવામાં આવે છે, જેથી આપને ખાત્રી થશે કે આપ સૌના સહકારથી અને ગુરુદેવની અસીમ કૃપાથી સભા ઉત્તરોત્તર વિકાસ સાધતી જાય છે.

---

* સં. ૨૦૦૯ ના પોસ શુદિ ૧૨ તા. ૨૮–૧૨–૧૯૫૨ રવિવારના રોજ મળેલ જનરલ મિટીંગમાં આ નિવેદન રજૂ કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમે રજૂ થતાં રિપોર્ટમાં જે કંઇ સુધારાવધારા સૂચવવો હોય તે આપશ્રી સૂચવશો અને દેવ, ગુરુ અને ધર્મની ભક્તિમાં કાર્યમાં અમો હંમેશ પ્રગતિ કરતા જઇએ એવી અમારી અભિલાષામાં આપ સર્વ સહકાર આપશો. આ સંસ્થા જૈન સમાજની છે એટલે અન્ય કોઇ પણ જૈનબંધુ અમારો આ રિપોર્ટ વાંચી જે કાંઇ સલાહ–સૂચના આપશે તે પરત્વે સભા અવશ્ય વિચારણા કરી યોગ્ય હશે તે સ્વીકારશે.

આ સભા હરહંમેશ પ્રગતિ ને વિકાસ સાધતી જાય છે તેનું મુખ્ય કારણ ગુરુકૃપા જ અમે માનીએ છીએ. અન્ય સર્વ કાર્યવાહકોની આત્મકલ્યાણકારી ભાવનાથી, પ્રભુ–આજ્ઞા પ્રમાણે વર્તન હોવાથી પૂજ્ય ગુરુદેવો અને ગૃહસ્થ બંધુઓનો સાથ અમને વિશેષ ને વિશેષ પ્રમાણમાં મળતો રહે છે.

અમારા ઘણા કાર્યોમાં, પુસ્તક–પ્રકાશન સંબંધમાં પણ પૂજ્ય ગુરુદેવોની સલાહ–સૂચના લેવામાં આવે છે. लोगविरुद्धचाओ–લોકાપવાદનો પણ વિચાર કરી સભાની લેવડદેવડ પ્રમાણિક અને યોગ્ય રીતે ચલાવવામાં આવે છે. ધાર્મિક ફરમાનને અનુસરીને વહીવટ ચાલતો હોવાથી સો કોઇને માટે આ સભા પ્રશંસાપાત્ર બની હોય તો ગુરૂ દેવોને આભારી છે. ભવિષ્યમાં પણ સંસ્થા ઉત્તરોત્તર વિકાસ સાધી અનુપમ સ્થાન પ્રાપ્ત કરે તેવી અમારી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

---

**સ્થાપના**—આ સભાની સ્થાપના વિ. સં. ૧૯૫૨ ના દ્વિતીય જેઠ શુદિ બીજના રોજ પ્રાતઃ-સ્મરણીય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** ( શ્રી આત્મારામજી ) મહારાજના પુણ્ય–નામાભિધાનથી ગુરુ-ભકિત નિમિત્તે, તેમના સ્વર્ગવાસ પછી માત્ર પચીશમે દિવસે મંગળ મુહૂર્તે કરવામાં આવેલ છે. આજે સંસ્થા ૫૬ વર્ષ જેટલું દીર્ઘાયુ પરિપૂર્ણ કરી **સત્તાવનમા** વર્ષમાં પ્રવેશી છે, તે ગુરુકૃપાનું જ ફળ છે. સ્વર્ગસ્થ ગુરુદેવના આશીર્વાદ આ સભા પરત્વે હમેશ વર્ષ્યા જ કરે છે.

---

**ઉદ્દેશ**—જૈન સમાજના બંધુઓ અને બહેનો ધર્મ સંબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, ધાર્મિક તેમજ વ્યાવહારિક બંને પ્રકારની કેળવણી માટે સ્કોલરશીપ વિગેરે દ્વારા યથાશક્તિ સહાય કરવા, પૂજ્ય પૂર્વાચાર્યોરચિત મૂળ, પ્રાકૃત, સંસ્કૃત ઉચ્ચ કોટિના ગ્રંથોનું પ્રકાશન કરવું, ઐતિહાસિક, જીવનચરિત્રો તેમજ કથા–સાહિત્યના અનુપમ અને અનુપલબ્ધ ગ્રંથોનો સરલ ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવી બહોળો પ્રચાર કરવો, તેવા ઉત્તમ કોટિના ગ્રંથોને બને તેટલી મર્યાદામાં રહીને તેમજ જ્ઞાનખાતાનો દોષ ન લાગે તે રીતે ભેટ આપવા, સસ્તા સાહિત્યનું પ્રકાશન કરીને તે ભેટ તરીકે અથવા અલ્પ મૂલ્યે આપવા, જૈનધર્મના મૂળભૂત સિદ્ધાન્તો–અનેકાંતવાદ, રત્નત્રયી તેમજ તત્ત્વજ્ઞાનનો ભારતવર્ષ તેમજ પરદેશોમાં પ્રચાર કરવો, શ્રેષ્ઠ કોટિની હસ્તલિખિતો પ્રતોનો તેમજ ઉપયોગી પ્રકાશનોનો સુંદર સંગ્રહ કરી એક સુંદર જ્ઞાનમંદિરમાં વ્યવસ્થિત રાખવો, જ્ઞાનભક્તિ કરવી, ફ્રી વાંચનાલયદ્વારા મફત વાંચન પૂરું પાડવું, સીઝાતા ધર્મબંધુઓને યથાયોગ્ય રાહત આપવી તેમજ દેવ, ગુરુ અને તીર્થની ભકિત કરી આત્મકલ્યાણ સાધવું–આ પ્રકારના ઉદ્દેશથી સભાની સ્થાપના કરવામાં આવેલ છે. અને આપ સૌ કોઇ જાણી શકયા છો કે સભા પોતાના ઉદ્દેશને પાર પાડવામાં સફળ થઇ છે. આજે સભાનું સમાજમાં તેમજ વિદ્વદ્વર્ય પૂજ્ય સાધુસમાજમાં જે અનેરું સ્થાન છે તે જાણી અમો કૃતાર્થતા અનુભવીએ છીએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બંધારણ**—( ૧ ) પેટ્રન, ( ૨ ) પહેલા વર્ગના લાઇફમેમ્બર ( ૩ ) બીજા વર્ગના લાઇફમેમ્બર અને ( ૪ ) વાર્ષિક સભાસદો મળી–ચાર પ્રકારે છેઃ પેટ્રનશીપના રૂા. ૫૦૧) પ્રથમ વર્ગના લાઇફ-મેમ્બરના રૂા. ૧૦૧) બીજા વર્ગના લાઇફમેમ્બરના રૂા. ૫૧) અને વાર્ષિક મેમ્બરના રૂા. ૫) રાખવામાં આવ્યા છે.

અમોને જણાવતાં અતિશય આનંદ તો એ હકીકતને અંગે થાય છે કે–ઉચ્ચ કોટિના અનુપમ પુસ્તક–પ્રકાશનો અને કેટલેક અંશે અપાતી ભેટની બુકોના કારણે સભામાં સભાસદોની સંખ્યામાં ગણનાપાત્ર વૃદ્ધિ થઇ છે.

---

## સં. ૨૦૦૮ ની સાલ સુધીમાં થયેલા પેટ્રન સાહેબોની નામાવલી.

૧ શેઠ સાહેબ ચંદુલાલ સારાભાઇ મોદી. બી. એ.
૨ રાવસાહેબ શેઠ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી.
૩ શેઠ સાહેબ માણેકચંદ જેચંદભાઈ
૪ ,, રતિલાલ વાડીલાલ
૫ ,, માણેકલાલ ચુનીલાલ જે. પી.
૬ ,, કાન્તિલાલ બકોરદાસ
૭ રાવબહાદુર શેઠ નાનજીભાઈ લધાભાઈ
૮ શેઠ સાહેબ ભોગીલાલભાઈ મગનલાલ
૯ ,, પદમશીભાઈ પ્રેમજી
૧૦ ,, રમણિકલાલ ભોગીલાલભાઇ
૧૧ ,, મોહનલાલ તારાચંદ જે. પી.
૧૨ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૩ ,, ચંદુલાલ ટી. શાહ જે. પી.
૧૪ ,, રમણિકલાલ નાનચંદ
૧૫ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૧૬ ,, દલીચંદ પુરુષોત્તમદાસ
૧૭ ,, વોરા ખાંતિલાલ અમરચંદભાઇ
૧૮ રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી
૧૯ ,, શ્રી અમૃતલાલ કાલીદાસ
૨૦ શેઠ સાહેબ ખુશાલદાસ ખેંગારભાઇ
૨૧ ,, શ્રી કાન્તિલાલ જેસીંગભાઇ
૨૨ શેઠ સાહેબ શ્રી ચંદ્રકાન્તભાઈ ઉજમશી
૨૩ ,, શ્રી પુંજાભાઈ દીપચંદ
૨૪ ,, શ્રી લક્ષ્મીચંદ દુર્લભદાસ
૨૫ ,, શ્રી કેશવલાલ લલ્લુભાઇ
૨૬ શાહ ઓધવજી ધનજીભાઈ સોલીસીટર
૨૭ શેઠ મણિલાલ વનમાળીદાસ બી. એ.
૨૮ શેઠ સાહેબ સારાભાઈ હઠીસીંગ
૨૯ ,, રમણભાઇ દલસુખભાઈ
૩૦ ,, જમનાદાસ મોનજીભાઇ ઝવેરી
૩૧ ,, વીરચંદ પાનાચંદ
૩૨ ,, હીરાલાલ અમૃતલાલ બી. એ.
૩૩ મહેતા ગિરધરલાલ દીપચંદ કમળેજવાળા
૩૪ ,, લવજીભાઇ રાયચંદ
૩૫ ,, પાનાચંદ લલ્લુભાઈ
૩૬ શેઠ સાહેબ કસ્તુરભાઇ લાલભાઈ
૩૭ શેઠ પરશોતમદાસ મનસુખલાલ ગાંધી તારવાળા
૩૮ મહેતા મનસુખલાલ દીપચંદ કમળેજવાળા
૩૯ શેઠ છોટાલાલ મગનલાલ
૪૦ ,, માણેકચંદ પોપટલાલ થાનગઢવાળા
૪૧ ,, નગીનદાસ કરમચંદ
૪૨ ડૉકટર સાહેબ વલ્લભદાસ નેણશીભાઈ મહેતા
૪૩ શેઠ સાહેબ સકરચંદ મોતીલાલ મૂળજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૪ શેઠ સાહેબ પ્રાગજીભાઈ ઝવેરચંદ
૪૫ ,, ખીમચંદ લલ્લુભાઈ
૪૬ ,, પુરુષોત્તમદાસ સુરચંદ
૪૭ ,, કેશવજીભાઇ નેમચંદ
૪૮ ,, હાથીભાઇ ગલાલચંદ
૪૯ ,, અમૃતલાલ ફુલચંદ
૫૦ ,, ભગુભાઈ ચુનીલાલ સુતરીયા
૫૧ ,, વનમાળી ઝવેરચંદ મુંબઇ
૫૨ ,, બકુભાઇ મણિલાલ અમદાવાદ
૫૩ ,, સરવૈયા અમીચંદ મોતીચંદ મુંબઈ
૫૪ શેઠ સાહેબ ચીમનલાલ ડાહ્યાભાઇ મુંબઇ
૫૫ ,, રમણુલાલ જેશંગભાઇ ઉગરચંદ મુંબઇ
૫૬ ,, મગનલાલ મૂળચંદભાઇ મુંબઈ
૫૭ ,, નરોત્તમદાસ શામજીભાઈ ભાવનગર
૫૮ ,, કેશવલાલ બુલાખીદાસ
૫૯ ,, મોહોલાલ મગનલાલ
૬૦ ,, ચીમનલાલ મગનલાલ
૬૧ ,, રતિલાલ ચત્રભુજ
૬૨ ,, પોપટલાલ ગિરધરલાલ

સં. ૨૦૦૮ ની આખરે ૬૨ પેટ્રનો, ૫૨૮ પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો, ૧૧૧ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૬ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો.* અને ૧૫ વાર્ષિક સભાસદો મળી કુલ ૭૨૨ સભાસદો છે. ત્યારપછી થયેલા પેટ્રનો, લાઇફ મેમ્બરો વિગેરેના નામો આવતા રિપોર્ટમાં રજૂ કરવામાં આવશે.x

---

ઉપરોક્ત રીતે આ સંસ્થાના સભાસદો માત્ર સૌરાષ્ટ્ર-ગુજરાતના નથી. પરંતુ હિંદભરના મુખ્ય મુખ્ય પ્રાંતો તેમજ અગ્રગણ્ય શહેરો જેવા કે **મુંબઈ, કલકત્તા, બેંગ્લોર, મદ્રાસ, દીલ્હી, કાનપુર, અમદાવાદ, આગ્રા, પાટણ** વિગેરે અનેક સ્થળોના બંધુઓ, સદ્ગૃહસ્થો, ઉદ્યોગપતિઓ, પુણ્યપ્રભાવક પુરુષો સભાસદ થયેલ છે. આ ઉપરાંત જૈન બહેનો પણ આ સભામાં સભાસદ તરીકે છે, થાય છે અને કોઇ કોઇ ગ્રેજ્યુએટ થયેલ બહેનો પણ સભાસદ બનેલ છે, જે સભાને ગૌરવ લેવા જેવી હકીકત છે.

---

**ભેટ પુસ્તકોનો અનેરો અને અપૂર્વ લાભ**—આ સભા તરફથી પ્રકાશિત થતી **શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળાના** ગુજરાતી ભાષાંતરના ચરિત્રો, ઐતિહાસિક સાહિત્યના ગ્રંથો, બોધક ગ્રંથો, આદર્શ જીવનવૃત્તાંતો તેમજ સ્ત્રી-ઉપયોગી ચરિત્રો, તત્ત્વજ્ઞાનના ગ્રંથો વગેરે પેટ્રન બંધુઓ અને લાઇફ મેમ્બરો વગેરેને સભાના નિયમાનુસાર ભેટ આપવામાં આવેલ છે.

સં. ૨૦૦૩+ થી સં. ૨૦૦૮ સુધીના છ વર્ષમાં માનવંતા સભાસદોને રૂા. ૨૩૪૪૧ાત્ર ના પુસ્તકો ભેટ તરીકે અપાયા છે. આને લગતી હકીકત આ સાથેના સૂચિપત્રમાં આપવામાં આવી છે.

આ ભેટ પુસ્તકોથી મેમ્બરોને આર્થિક દૃષ્ટિએ લાભ મળવા ઉપરાંત તેના વાંચન અને મનનથી આત્મકલ્યાણ સધાય છે, જીવનનું ઘડતર થાય છે, ન્યાય અને નીતિના આચરણમાં પ્રગતિ થાય છે. ગુરુકૃપાથી ભવિષ્યમાં પણ આવા ઉમદા કોટિના ગ્રંથો ભેટ આપવાની અમારી અભિલાષા છે અને તે

---

* ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરનો વર્ગ કમી કરવામાં આવેલ છે.

x આ નામાવલિ "શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકના અંકમાં તો પ્રગટ થઈ ગયેલ છે.

+ સં. ૨૦૦૩ ની સાલ પહેલાં અપાયેલા ભેટ-પુસ્તકની હકીકત તથા કિંમત વિગેરે અલગ સમજવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાબતમાં સભાસદ બંધુઓ અને દાનવીર ગૃહસ્થો અમને પૂર્ણ સહકાર આપી જ્ઞાનભક્તિ તેમજ ગુરુભક્તિના અમારા કાર્યમાં સહકાર આપે.

---

**સભાની આર્થિક સ્થિતિ**—સભા પાસે નાણાનું જે ભંડોળ છે, તેને સભાના ધારા-ધોરણ અનુસાર, પૂરતી જવાબદારી સમજીને, શાસ્ત્રની મર્યાદામાં રહીને સદ્ધર સીક્યુરીટીમાં કે પ્રતિષ્ઠિત બેંકમાં રોકવામાં આવે છે. સમય તથા સંયોગોનો વિચાર કરીને સભાએ પોતા હસ્તકની મોટી રકમને સ્થાવર મિલ્કતમાં રોકી છે, જેની વિગત અને કિંમત પાછળ જણાવવામાં આવી છે. રકમનો દુરુપયોગ ન થાય કે જોખમાય નહીં તે માટે કાર્યવાહકો સતત જાગૃત રહે છે. આ ઉપરાંત પ્રકાશન કાર્ય માટે તેમજ વહીવટી ખર્ચ માટે જે રકમની જરૂર પડે: તે રકમ બેંકમાં રાખવામાં આવે છે. ભવિષ્યમાં જેમ જેમ આર્થિક સ્થિતિ વૃદ્ધિગત થતી જશે તેમ તેમ તે રકમ સદ્ધર સીક્યુરીટીમાં રોકવામાં આવશે.

સભા હસ્તક ત્રણ મકાનો છે. ( ૧ ) **શ્રી આત્માનંદ જૈન ભવન** જેમાં સભાની ઑફિસ બેસે છે અને વહીવટી કાર્ય ચાલે છે. ( ૨ ) તેની જ બાજુનું **આત્મકાન્તિ જ્ઞાનમંદિર** છે, જે ફાયરપ્રૂફ મકાનને બંધાવતાં આશરે બાવીશ હજાર રૂપિયાનો ખર્ચ થયો છે. તે જ્ઞાનમંદિરમાં લોખંડના કબાટમાં હસ્તલિખિત પ્રતોને સુરક્ષિત રાખવામાં આવેલ છે. ( ૩ ) **શ્રી આત્માનંદ પુણ્ય-ભવન,** જે મામાકોઠા જેવા મુખ્ય રસ્તા પર આવેલ છે.

**શ્રી આત્મ-કાન્તિ જ્ઞાનમંદિર**ના અસ્તિત્વથી સભાની એક અતિવ જરૂરિયાતની પૂર્તિ થયેલ છે. સભા હસ્તક જે સેંકડો અતિ મૂલ્યવાળી હસ્તલિખિત પ્રતો હતી તેની સુરક્ષા થઇ છે. આ જ્ઞાનમંદિરની સ્થાપના અને ઉદ્ઘાટન પરમ પૂજ્ય પંજાબકેશરી યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીના વરદ હસ્તે સં. ૨૦૦૮ ના માગશર શુદી ૭ ને બુધવારના રોજ ભવ્ય સમારોહપૂર્વક કરવામાં આવી હતી. તે ભવ્ય ને હર્ષદાયક મેળાવડાને લગતો વિસ્તૃત હેવાલ "શ્રી આત્માનંદ પ્રકાશ" ના પોસ-માહના અંકમાં આપવામાં આવેલ છે, જે જિજ્ઞાસુ બંધુઓને વાંચવા અવશ્ય નમ્ર સુચના છે.

---

# પ્રકાશન વિભાગ.

## સભા હસ્તક પાંચ પ્રકારના સાહિત્યોદ્ધાર તેમજ પુસ્તક પ્રકાશનના ખાતા છે.

( ૧ ) **શ્રી આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા**—જેમાં પૂર્વાચાર્યોકૃત મૂળ, ટીકા, તત્ત્વજ્ઞાન, ગણિત, કર્મવાદ, નાટક, કાવ્ય વિગેરે ગ્રંથો છપાય છે. આ કાર્ય સં. ૧૯૬૬ થી શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં આ ગ્રંથમાળા દ્વારા ૯૨ ની સંખ્યામાં પુસ્તક-પ્રકાશન થયું છે, જેનો મોટો ભાગ પ્રચાર તરીકે ભેટ આપવામાં આવેલ છે. પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજો, જૈન વિદ્વાનો, જૈનેતર સ્કોલરો, લાઇબ્રેરીઓ તેમજ જ્ઞાનભંડારોને આ ગ્રંથમાળામાંથી અત્યારસુધી ૩૩૪૦૪॥~ રૂપિયાના ગ્રંથો ભેટ તરીકે અપાયા છે. માત્ર ભારતવર્ષમાં નહિ પરંતુ અમેરિકા, બ્રિટન, ચીન, જાપાન અને ટીબેટની સરકારી લાઇબ્રેરીમાં આ પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે અને તે તે દેશના દર્શનશાસ્ત્રીઓએ આ ઉત્તમ પ્રકાશનોની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. જે માંહેની કેટલીક હકીકત શ્રી આત્માનંદ પ્રકાશમાં પ્રગટ થાય છે. "શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક પણ અમેરિકન સરકારી લાઇબ્રેરીમાં જાય છે. આ પુસ્તકો પઠન-પાઠન તેમજ વાંચન-મનનમાં ઉપયોગી નીવડવાથી સભાને અત્યંત આનંદ થાય છે. અમારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છા આ કાર્યને વિશેષ ને વિશેષ ફળદાયક બનાવવાની છે અને તેને અંગે અમો સખી ગૃહસ્થો, જ્ઞાનરસિક દાતાઓ અને કેળવણીપ્રેમી સજ્જનોનો સહકાર માગીએ છીએ.

હાલમાં આ સીરીઝમાં બૃહત્કલ્પસૂત્ર ભાગ છઠ્ઠો છપાઇને બહાર પડી ગયો છે.

**શ્રી દ્વાદશાર નયચક્ર ગ્રંથ**—( મૂળ ) ઉચ્ચ કોટીનો અને જૈન દર્શનનો ન્યાયનો અનુપમ ગ્રંથ પૂજ્ય મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** તેમજ પૂજ્ય મુનિરાજશ્રી **જંબૂવિજયજી** મહારાજના અથાગ પરિશ્રમ અને અપ્રતિમ કાળજીથી નિર્ણયસાગર પ્રેસમાં ઊંચા ટકાઉ કાગળો પર દેવનાગરી લિપિમાં છપાઈ રહ્યો છે. ગ્રંથ અતિવિસ્તૃત હોવાથી ક્રમશઃ પ્રગટ થશે. તેનો પ્રથમ ભાગ જેમ બને તેમ શીઘ્ર જૈન સમાજને ચરણે ધરવા અમે ઉત્કંઠા રાખીએ છીએ. જ્યારે આ ગ્રંથ પ્રસિદ્ધિ પામશે ત્યારે જૈન દર્શનશાસ્ત્રીઓ જ નહિ પરંતુ પરદેશી વિદ્વાન સ્કોલરો અને દર્શનશાસ્ત્રના અભ્યાસકો તેની ભારોભાર પ્રશંસા કર્યા સિવાય રહી શકશે નહિ.

---

**( ૨ ) શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરીઝમાં શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્રના આગળના પાંચમા પર્વથી**—છપાવવા સંબંધી વિચારણા ચાલી રહી છે.

---

**( ૩ ) પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળા**—હાલમાં આ ગ્રંથમાળાનું પ્રકાશન-કાર્ય બંધ છે.

ઉપર જણાવેલ ત્રણે ખાતાઓનો વહીવટ માત્ર સભા કરે છે.

---

**( ૪ ) શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા**—આ સભાની માલીકીનું ખાતું છે. આ ખાતામાં સિરિઝ તરીકે આવેલ રકમમાંથી અથવા બીજી રીતે મળતી સહાયમાંથી પૂર્વાચાર્યકૃત ગ્રંથોનો અનુવાદ, ઐતિહાસિક કથાઓ, જીવનચરિત્રો, સત્ત્વશાળી નરરત્નો, તીર્થંકર ભગવંતોના ચરિત્રો, ઉપદેશક પુસ્તકો, સતી-ચરિત્રો પ્રકાશિત કરવામાં આવે છે અને ધારા પ્રમાણે પેટ્રનો, લાઇફ મેમ્બરો, પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજો, જૈનેતર વિદ્વાનો, જ્ઞાનભંડારો વિગેરેને ભેટ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં આ ગ્રંથમાળામાં ૯૦ પુસ્તકો પ્રકાશિત થયા છે.

આ પ્રકાશિત થતાં સુંદર અને આકર્ષક ગ્રંથો માટે સારા સારા વિદ્વાનો અને પૂ. સાધુ મહારાજોના સારા અભિપ્રાયો મળેલા છે, જે વખતોવખત શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં પ્રગટ કરવામાં આવેલ છે. આ રીતની થતી કદર એ જ અમારે મન હર્ષનો અને ઉત્તેજનનો વિષય છે.

હાલમાં શ્રી **શ્રેયાંસનાથ ચરિત્ર** પ્રકાશિત થઇ રહ્યું છે. શ્રી કથારત્ન કોષનો બીજો ભાગ છપાવવા માટે વિચારણા ચાલી રહી છે. તેમજ શ્રી સુમતિનાથ ચરિત્રનું ભાષાંતર થઇ રહ્યું છે અને તે ગ્રંથમાં સહાય મળેથી પ્રકાશિત કરવામાં આવશે. દેશ કાળ ને સંયોગો બદલાયા છે છતાં સભા પોતાનું પુસ્તક-પ્રસિદ્ધિનું કાર્ય યથાશક્તિ કરી રહી છે તે આપ સર્વને સુવિદિત જ છે.

---

**( ૫ ) સસ્તું સાહિત્ય પ્રકાશન**—સભા હસ્તક ચાલતા આ ખાતામાંથી **( ૧ ) અનેકાંતવાદ** અને **( ૨ ) શ્રી નમસ્કાર મહામંત્ર** બંને ગ્રંથો પ્રકાશિત થઇ ગયેલ છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્મારામજી જૈન ફ્રી લાઇબ્રેરી.

| રૂપીયા | વર્ગ | પુસ્તક | |
|---|---|---|---|
| ૫૧૩૮।।ꟷ | વર્ગ ૧ લો જૈન ધર્મ | ૩૩૫૬ | |
| ૧૩૮૮।ꟷ | વર્ગ ૧ લો જ છાપેલ પ્રતો | ૯૦૮ | |
| ૧૬૪૬।।ꟷ | વર્ગ ૨ જો આગમ છાપેલ આગમો | ૩૦૧ | |
| અમૂલ્ય | વર્ગ ૩ જો હસ્તલિખિત પ્રતો | ૧૩૨૫ | હસ્તલિખિત શ્રી ભક્તિવિજયજીમ૦ અને |
| | | ૨૧૦ | ,, શ્રી લબ્ધિવિજયજીમ૦ આપેલ |
| | | ૨૦૧ | ,, સભાની |
| ૧૭૦૪)ꟷ | વર્ગ ૪ થો સંસ્કૃત્ત | ૫૧૪ | |
| ૫૮૩૭।।ꟷ | વર્ગ ૫ મો નોવેલ | ૩૬૬૮ | |
| ૭૧૭ꟷ | વર્ગ ૬ ઠ્ઠો અંગ્રેજી | ૨૩૫ | |
| ૧૨૬૨।। | વર્ગ ૭ મો માસિક | ૫૧૦ | |
| ૬૭૦।।। | વર્ગ ૮ મો હિંદી | ૩૨૫ | |
| ૧૪૦।।ꟷ | વર્ગ ૯ મો બાળ વર્ગ | ૨૭૭ | |

કુલ રૂા. ૧૮૫૦૬।।। કુલ પુસ્તક ૧૧૮૩૦

**આગમરત્નમંજૂષા**—શ્રી શત્રુંજયની તળાટીમાં તૈયાર કરાયેલ આગમ–મંદિરમાં આરસપહાણુની શિલાઓમાં જે આગમો કોતરાવેલા છે તે જ આગમોને સ્વ. પૂજ્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીએ ઊંચા ટકાઉ કાગળો પર છપાવેલ તે સર્વ આગમોની એક પેટી સભાએ ખરીદીને રાખી છે.

---

**શ્રી આત્માનંદ પ્રકાશ** ( માસિક )—સભાના મુખપત્ર તરીકે આ માસિક પચાસ વર્ષથી નિયમિત પ્રગટ થાય છે. તેમાં તત્ત્વજ્ઞાન, હિતશિક્ષાપ્રદ અને આધ્યાત્મિક સામગ્રી પીરસવામાં આવે છે. સભાના સભાસદોને ભેટ આપવામાં આવે છે અને વાર્ષિક ગ્રાહકોને માત્ર ત્રણ રૂપિયાના લવાજમથી આપવામાં આવે છે. તે ઉપરાંત ભેટ પુસ્તક પણ આપવામાં આવે છે. માસિકને વિશેષ સમૃદ્ધ અને ઉપયોગી સાહિત્યથી અલંકૃત કરવાના અમારા મનોરથ છે. જેમ જેમ પ્રીન્ટિંગ તથા કાગળ વિગેરેની મોંઘવારી ઘટતી જશે તેમ તેમ તેની પૃષ્ઠસંખ્યા વધારવામાં આવશે.

---

**આભાર દર્શન**—જૈન સમાજમાં ગણુનાપાત્ર વિદ્વાન્ સાક્ષારોત્તમ પૂજ્ય મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજશ્રીની અનુપમ કૃપા આ સભા પરત્વે છે. સભા દ્વારા જે સંસ્કૃત, પ્રાકૃત, મૂળ કે ટીકાના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે અને થઇ રહ્યા છે, તેનું સંશોધન,–સંપાદન વગેરે કાર્ય તેઓશ્રી જ સંભાળે છે. તેઓશ્રીના સંપાદિત કરેલા ગ્રંથોની દેશ–દેશાવરમાં પ્રશંસા થઇ રહી છે. જેસલમેરના જ્ઞાનભંડારનું તેઓશ્રીનું તાજેતરનું સંશોધનકાર્ય જૈન સમાજને સુવિદિત છે. જૈન સમાજનું એ સદ્‌ભાગ્ય છે કે–અવિરત કાર્યકર અને સાહિત્યોદ્ધારક મુનિરાજશ્રી પુણ્યવિજયજી જેવા મુનિરત્ન તેમને સાંપડેલ છે. સભા તેઓશ્રીની અતીવ આભારી છે અને તેઓશ્રીની કૃપા હરહંમેશ ચાહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજશ્રીની** અસીમ કૃપા સભા પરત્વે છે. તેઓશ્રીએ તત્ત્વજ્ઞાનના લેખો આપી **આત્માનંદ પ્રકાશને** સમૃદ્ધ કરેલ છે. હાલમાં તેઓશ્રી પાલનપુરખાતે બિરાજી રહ્યા છે. શારીરિક અવસ્થાને કારણે લેખો લખી શકતા નથી. તેઓશ્રીના લેખોનો સંગ્રહ **જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો** તાજેતરમાં જ બહાર પડશે, જે ભેટ તરીકે આપવામાં આવશે.

પંજાબકેશરી, યુગવીર આચાર્યશ્રી **વિજયવલ્લભસૂરિજી** મહારાજ હંમેશાં સભા પરત્વે કૃપાદષ્ટિ રાખી રહ્યા છે. તેઓશ્રીની સાહિત્યભક્તિ અને કેળવણી-પ્રેમ જાણીતો છે. ઉગ્ર વિહાર કરી તેઓશ્રીએ અનેક ઉપકારો કર્યાં છે. તાજેતરમાં મુંબઇના ચાતુર્માસમાં તેઓશ્રીએ શ્રાવક-શ્રાવિકાના ઉત્કર્ષ માટે સારું ફંડ એકત્ર કરેલ છે. વિશેષ હર્ષદાયક પ્રસંગ તો એ બન્યો છે કે-તેઓશ્રીને એક આંખે ઑપરેશન કરાવતાં જ્યોતિ પુનઃ પ્રગટી છે. આ શુભ પ્રસંગને અનુલક્ષીને મુંબઈનાં ત્રણ હજાર નર-નારીઓએ આયંબિલ તપ કર્યું હતું, જે એક અભિનંદનીય પ્રસંગ છે. પૂજ્યશ્રીના વિહારને લગતાં સમાચારો અવારનવાર **આત્માનંદ પ્રકાશ**માં આપવામાં આવે છે. તેઓશ્રી દીર્ઘાયુષી થઇ શાસન-હિતનાં અનેક કાર્યો કરે તેમ ઇચ્છીએ છીએ.

**દ્વાદશારનયચક્ર** જેવા અપ્રતિમ ગ્રંથનું સંપાદન કરી રહેલ પૂ. મુનિરાજશ્રી **ભુવનવિજયજી** મહારાજશ્રીના શિષ્ય વિદ્વાન મુનિરાજશ્રી **જંબૂવિજયજી** મહારાજ પણ સભાના કાર્યોનાં અનુરાગી છે. તેઓશ્રી જે ભગીરથ ગ્રંથનું સંપાદન કરી રહ્યા છે તે માટે સભા અંતઃકરણપૂર્વક તેઓશ્રીની ઋણી છે.

---

**હર્ષદાયક પ્રસંગો**—આપણી સભાના પેટ્રન, જાણીતા દાનવીર અને સૌજન્યશાળી ભાવનગર-નિવાસી શેઠ ભોગીલાલભાઇ મગનલાલ, સૌરાષ્ટ્ર સરકાર તરફથી ભારત સરકારની કાઉન્સીલ ઑફ સ્ટેટ-(રાજસભા) માં ચુંટાયા તે અમારે મન હર્ષનો પ્રસંગ છે.

તેવો જ બીજો પ્રસંગ ભાઇશ્રી ઇંદ્રવદનની દીક્ષાનો છે. તેઓ જાણીતા ધર્મપ્રેમી રા. બ. જીવતલાલ પ્રતાપશીના ભત્રીજા થાય છે અને તેઓશ્રી સં. ૨૦૦૮ ના વૈશાક વદિ છઠ્ઠના રોજ પરમપાવની ભાગવતી દીક્ષા સ્વીકારી, મુનિશ્રી **ચંદ્રશેખરવિજયજી** નામ ધારણ કરી આત્મ-કલ્યાણના પંથે વિચરી રહ્યા છે.

---

**બંને પ્રકારની કેળવણીને ઉત્તેજન અને મળેલા ફંડો**—આ સભાએ સભાસદો વગેરેવડે કરેલું પ્રાતઃસ્મરણીય **શ્રી કાન્તિવિજયજી મહારાજ સ્મારક કેળવણી ફંડ**—(જેમાં હજી કેટલાક સભ્યોની રકમ ભરાવાની છે) તેના વ્યાજમાંથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેઓ સાહેબની સ્વર્ગવાસ તીથી અસાડ શુદ ૧૦ ના રોજ જાહેર મેળાવડો કરી મેટ્રિકની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થાય તેને સુવર્ણપદક સભા તરફથી, તેમજ બીજે નંબરે પાસ થાય તેને રૌપ્યપદક **શેઠ દેવચંદ દામજી**ના તરફથી આવેલી રકમના વ્યાજમાંથી આપવાનો ઠરાવ કરવામાં આવેલો છે, તેનો અમલ આવતા વર્ષથી કરવામાં આવશે. **શ્રી મૂળચંદભાઇ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી** ફંડના વ્યાજમાંથી તેમજ સભાના પોતાના તરફથી બંને પ્રકારની કેળવણીના ઉત્તેજન અર્થે, સ્કોલરશીપો, બુકો વગેરે જૈન વિદ્યાર્થીઓને દર વર્ષે આપવામાં આવે છે. તેમજ તે સિવાય રૂા. ૨૦) શ્રી વૃદ્ધિચંદ્રજી સામાયિકશાળાને અને રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને ધાર્મિક શિક્ષણના ઉત્તેજનાર્થે દર વર્ષે અપાય છે. શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાનો વહીવટ પણ સભા કરે છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જૈન બંધુઓ માટેનું રાહત ફંડ**—**શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બંધુઓ માટે રાહત ફંડ** તથા આઝાદ દિનની ખુશાલી નિમિત્તે સભાએ જુદી મૂકેલ એ બંને રકમના વ્યાજમાંથી જરૂરીયાતવાળા બંધુઓને રાહત અપાય છે. તે ફંડ વધારી આપણા સ્વામીભાઇઓને વિશેષ રાહત કેમ આપી શકાય તેનો પ્રયત્ન શરૂ છે.

---

**મહોત્સવો**—આ સભાનો વાર્ષિક મહોત્સવ દિન-વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે પોતાની હૈયાતીમાં આપેલ એક રકમનું વ્યાજ સભા, અને પોતે કહી ગયેલ બાકીની રકમનું વ્યાજ તેમના ધર્મપત્ની શ્રી હેમકુંવર બ્હેન દર વર્ષે જેઠ સુદ ૨ ( સભા સ્થાપનાદિન ) શ્રી તળાજા તીર્થે ઉજવવા નિમિત્તે આપે છે. ( વોરા હઠીસંગભાઇએ આપવાની કહેલ બાકીની રકમ હવે પછી આપવા તેમના ધર્મપત્નીએ જણાવેલ છે ) તે વડે દર વર્ષે સભા ઉજવે છે, તેથી તીર્થયાત્રા, દેવગુરુભક્તિ વગેરેનો લાભ સભાસદો લેતા હોવાથી આત્મકલ્યાણની વૃદ્ધિ થાય છે.

---

**આનંદમેળાપ**—દર બેસતે વર્ષે આ સભાના પ્રમુખ **શેઠ શ્રીયુત્ ગુલાબચંદ આણંદજીએ** આપેલી રકમના વ્યાજમાંથી સભાસદોને દૂધપાર્ટી અપાય છે, અને મેમ્બરો તરફથી જ્ઞાનપૂજન પણ થાય છે.

---

**જ્ઞાનપૂજન**—દર વર્ષે કારતક શુદ ૫ ( જ્ઞાનપંચમી ) ના રોજ સભાના મકાનમાં જ્ઞાન પધરાવી પૂજન વગેરે કરી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે.

---

**દેવગુરુભક્તિ અને ગુરુજયંતિઓ**—પ્રાતઃસ્મરણીય **શ્રી આત્મારામજી મહારાજની** જન્મતિથિ ચૈત્ર શુદ ૧ ના* રોજ હોવાથી તે દિવસે દર વર્ષે સભાસદો **પવિત્ર શ્રી શત્રુંજય** તીર્થે જઇ, વિવિધ પૂજા ભણાવી તથા શ્રી આદિનાથ પ્રભુ, શ્રી પુંડરીકસ્વામી તથા ગુરુશ્રીની આંગી રચના સાથે સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે. સભા માટે આ એક અપૂર્વ ભક્તિદિન છે. આ ગુરુભક્તિના ઉત્તમ કાર્ય માટે ગુરુભક્ત ઉદારદિલ શેઠ સકરચંદભાઇ મોતીલાલ મૂળજીએ એક રકમ સભાને સુપ્રત કરી છે, જેના વ્યાજમાંથી ખર્ચ થાય છે. એ રીતે શ્રી શત્રુંજય પવિત્ર તીર્થ તથા શ્રી તાલધ્વજગિરિ તીર્થ બે તીર્થોની યાત્રાનો સર્વ સભાસદોને દર વર્ષે દેવગુરુભક્તિ સાથે અપૂર્વ લાભ મળે છે.

દર વર્ષે માગશર વદી ૬ ના રોજ પ્રાતઃસ્મરણીય **શ્રી મૂળચંદજી મહારાજની** તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાન્તમૂર્તિ **શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની** સ્વર્ગવાસ જયંતિઓ માટે થયેલા ફંડોના વ્યાજમાંથી ઉપરોક્ત રીતે દેવગુરુભક્તિ વગેરેથી અત્રે જયંતિ ઉજવાય છે.

---

# મીટીંગનો હેવાલ.

## ( સં. ૨૦૦૮ )

**મેનેજીંગ મીટીંગઃ**—સં. ૨૦૦૮ ના કારતક શુદ ૨ ગુરુવાર તા. ૧-૧૧-૫૧.

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મ જયંતી ઉજવવા મેળાવડામાં આવી હતી અને જયંતિ ઉજવી ગુરુભક્તિ કરી હતી.

**જનરલ કમીટીઃ**—સં. ૨૦૦૮ ના માગશર શુદ ૭ બુધવાર તા. ૫-૧૨-૧૯૫૧

---

* કાર્તિક શુદિ એકમ, ચૈત્ર શુદિ એકમ તેમજ જેઠ શુદિ બીજ આ ત્રણે પ્રસંગોમાં વ્યાજ ઉપરાંતની ખર્ચની રકમ સભાએ ખર્ચ ખાતે ઉધારીને આપવાનું ઠરાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભાના મૂળભૂત ઉદ્દેશ પ્રમાણે એક જ્ઞાનમંદિર કરવાનો હેતુ દેવ, ગુરુની કૃપાથી ફલિભૂત થતાં ઉપરોક્ત તારીખે સભાની જનરલ કમીટીના સભ્યો, ચતુર્વિધ જૈન સંઘ અને શહેરીઓનો એક મેળાવડો કરી પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના અધ્યક્ષપણા નીચે અને એ પૂજ્ય પુરુષના મુબારક હસ્તે સભાએ રૂા. ૨૨૦૦૦) ના ખર્ચે તૈયાર કરેલ સંરક્ષણવાળું જ્ઞાનમંદિરનું મકાન, અને તેમાં બે હજાર હસ્તલિખિત પ્રતો પૂજ્ય આગમના પૂજનપૂર્વક વિધિવિધાન સહિત **શ્રી આત્મકાન્તિજ્ઞાનમંદિર**નું ઉદ્ઘાટન–સ્થાપન કર્યું હતું. મેળાવડો ભવ્ય થયો હતો સભાના ઇતિહાસમાં એ સુવર્ણ દિન હતો. આ હકીકતનો લંબાણથી રિપોર્ટ શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૪૯ સં. ૨૦૦૮ પોસ–માહના શ્રી જ્ઞાનમંદિર ખાસ અંકમાં પ્રકટ કરેલ છે તે વાચકોને જોવા નમ્ર સૂચના છે.

**મેનેજીંગ કમીટી**—(શોકસભા) સં. ૨૦૦૮ ના પોશ વદી ૧૨ ગુરૂવાર તા. ૨૪–૧–૫૨

આ સભાના ટ્રેઝરર શ્રીયુત શેઠ અમૃતલાલ છગનલાલના યુવાન પુત્ર શ્રી નટવરલાલ અચાનક મૃત્યુ પામતાં દિલગીરીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

**મેનેજીંગ કમીટી**—સં. ૨૦૦૮ ના ફાગણુ વદી ૯ ગુરૂવાર તા. ૨૦–૩–૫૨

૧ સં. ૨૦૦૭ ની સાલનો રિપોર્ટ (કાર્યવાહી) આવક જાવક સરવૈયા સાથે દરેક ખાતાવાર પ્રમુખ સાહેબે સં. ૨૦૦૮ ની સાલના બજેટ સાથે વાંચી સંભળાવતાં તે સર્વાનુમતે પસાર કરવામાં આવેલ હતો.

૨ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજની જન્મ જયંતી શ્રી સિદ્ધાચળજી ઉજવવા માટે (વ્યવસ્થા કરવા) શ્રી હરિલાલ દેવચંદ શેઠ તથા શાહ હીરાચંદ હરગોવનદાસને સુપ્રત કરવામાં આવ્યું હતું.

૩ કારકુન ભીખાભાલ ભીમજીનો પગાર વધારવાની તેની આવેલ અરજી ઉપરથી રૂા. ૪૫) માસિક પગારના અને પંદર રૂપીયા મોંઘવારીના મળી રૂા. ૬૦) માસિક માગશર માસથી આપવાનો ઠરાવ કરવામાં આવ્યો.

**મેનેજીંગ કમીટી**:—સં. ૨૦૦૮ ના ફાગણ વદી ૧૪ સોમવાર તા. ૨૪–૩–૫૨

૧ શેઠ શ્રી ભોગીલાલભાઇ મગનલાલને અત્રેના શ્રી સંઘ તરફથી માનપત્ર આપવાનો નિર્ણય થતાં તે વખતે સભાએ ફૂલહારથી સત્કાર કરવાનો ઠરાવ થયો.

૨ આ સભાના ટ્રેઝરર શેઠ અમૃતલાલ છગનલાલના કોઇ પૂર્વના અશુભ ઉદયે યુવાન સુપુત્ર નટવરલાલનો વિરહ થતાં તેમજ અવસ્થાને અંગે અશક્તિ રહેવાથી પોતાના ટ્રેઝરરના હોદ્દાનું રાજીનામું આવેલ વાંચવામાં આવ્યું ને તે રાજીનામું પાછું ખેંચાવવા માટે હોદ્દેદારોનું એક ડેપ્યુટેશન નિમવામાં આવ્યું.

૩ શેઠ નગીનદાસ હરજીવનદાસ તથા શેઠ સવાઇલાલ અમૃતલાલને ધંધાને અંગે ફુરસદ મળતી નહિં હોવાથી મેનેજીંગ કમીટીમાંથી નામ કમી કરવા આવેલ રાજીનામું વાંચ્યા બાદ તેમને મેનેજીંગ કમીટીમાં રહેવા માટે સેક્રેટરીની સહીથી પત્ર લખી મોકલવા ઠરાવ કરવામાં આવ્યો.

**જનરલ કમીટી**—સં. ૨૦૦૮ ના ચૈત્ર શુદ ૪ શનિવાર તા. ૨૯–૩–૫૨.

૧ સં. ૨૦૦૭ ની સાલનો કાર્યવાહી રિપોર્ટ, આવક, જાવક સરવૈયું અને સં. ૨૦૦૮ ની સાલનું બજેટ સર્વ ખાતાવાર વાંચી સંભળાવવામાં આવ્યું તે સર્વ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું અને સં. ૨૦૦૭ ની સાલનો રિપોર્ટ છપાવવાના ખર્ચની મંજૂરી આપવામાં આવી અને સર્વ હકીકત સભાના ચોપડામાં વિગતવાર લખવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ સિરિઝના હવે પછીના જે નવા ગ્રંથો છપાય તેમાં સિરિઝની જે રકમ આવી હોય તેનાથી હવે પછી સવાયો ખર્ચ કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

૩ પ્રમુખશ્રીએ રજુ કરેલ કે આ સભાની મેનેજીંગ કમીટીમાં હાલ જેટલા સભ્યો છે તેમાં વિશેષ ચાર સભ્યો નવા દાખલ કરવાનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

૪ સિરિઝવાળા ગૃહસ્થોના નામે સભાના ચોપડામાં જે દેવું દેખાડવામાં આવેલ છે, તે સામે સ્થાવર મીલ્કત ઉભી છતાં દેવું દેખાડવું ન જોઇએ તેવો માર્ગ કાઢવા મેનેજીંગ કમીટીને સોંપવામાં આવ્યું અને તે જે નિર્ણય કરે તેની જનરલ કમીટીને હવે પછી જાણ કરવી.

**મેનેજીંગ કમીટી:—સં. ૨૦૦૮ ચૈત્ર શુદ ૭ મંગળવાર તા. ૧-૪-૫૨**

( ૧ ) આ સભાના માનનીય પેટ્રન સાહેબ શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલ ભારત સરકારની રાજસભાના સભાસદ થયા તેમને અભિનંદન આપવા માજી ડે. સૌરાષ્ટ્ર વડા પ્રધાન શ્રીયુત બળવંતરાયભાઇના પ્રમુખપણા નીચે પેટ્રન સાહેબો અને આ સભાના સભાસદો વગેરેની હાજરીમાં મેળાવડો કરવામાં આવતાં મુખ્ય સેક્રેટરીએ શેઠ ભોગીલાલભાઇના ધર્મ, જાતિ કે કોઇ ભેદ વગરની સામાજિક ઉદારતા, પ્રજાપ્રિયતા, રાજમાન્યપણું, જૈન ધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધા, દેવ ગુરુભક્તિકારક અને આ સભાને જેમણે પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે તે સર્વથી આકર્ષાઇ આ સભા તરફથી તેઓને અભિનંદન આપવામાં આવે છે. આ સભા પ્રસંગે માનપત્ર વગેરે કાર્યોથી વારંવાર શેઠશ્રીનો સત્કાર કરે છે તેમ આ વખતે પણ તેમનો સત્કાર કરવાની પોતાની ફરજ સમજે છે.

( ૨ ) પ્રમુખસ્થાનેથી શ્રીયુત બળવંતરાયભાઇએ જણાવ્યું કે આ સભાનું જ્ઞાનમંદિર, સાહિત્ય-પ્રકાશન અને લાઇબ્રેરી સુવ્યવસ્થાપૂર્વક જોઇ આ સભાને અને મુખ્ય કાર્યવાહકોને હું ધન્યવાદ આપું છું. અને ભાઇ વલ્લભદાસને સૂચના કરું છું કે-ભવિષ્યમાં આ કિંમતી વારસો સાચવનાર કોઇ તૈયાર કરવાની જરૂર છે. વિશેષ જેમ સુંદર સાહિત્ય પ્રકાશન સભાએ કર્યું છે તેની પ્રગતિ ઇચ્છું છું અને કેળવણીની સંસ્થા તરીકે આ સભાએ એક વિદ્યાસભાની સ્થાપના કરવાની જરૂર છે તેના ધારા-ધોરણ હું તૈયાર કરી આપીશ અને બે વર્ષ સુધી સારી રીતે ચાલે તો આ સભાને તે માટે ત્રીજે વર્ષે પચાશ ટકા ગ્રાન્ટ સૌરાષ્ટ્ર સરકાર પાસેથી લેવા પ્રયત્ન કરશું. સભાના સેક્રેટરીએ ઉપરોક્ત સૂચના માટે આભાર માનતાં શ્રીયુત બળવંતરાયભાઇને તે વિદ્યાસભા કરવામાં આવે તો તેનું પ્રમુખસ્થાન સ્વીકારવા વિનંતિ કરી તે માટે કબૂલ કરવાથી તેઓ સાહેબનો આભાર માનતાં મેનેજીંગ કમીટી સંયોગવશાત્ એ સભા કરશે તેમ જણાવી પરસ્પર આભાર માની સભા બરખાસ્ત કરવામાં આવી.

**મેનેજીંગ કમીટી**—શ્રાવણ શુદ ૧૨ રવિવાર તા. ૩-૮-૫૨

૧ શ્રી આત્માનંદ પ્રકાશને વધુ પ્રગતિશીલ બનાવવા નીચેના સભ્ય બંધુઓની કમીટી નીમી.

૧ પ્રો. ખીમચંદભાઇ ચાંપશીભાઇ ૨ ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ ૩ શા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી.એ. ૪ શેઠ હરિલાલ દેવચંદભાઇ

૨ સીરીઝના ગ્રંથો માટે વિચાર આગળ ઉપર મુલતવી.

---

**આભાર**—આ વર્ષમાં સભાના ચાલતા કોઇ પણ કાર્યમાં આર્થિક સહાય આપનાર બંધુઓ તથા શ્રી આત્માનંદ પ્રકાશ માસિકને માટે લેખો, સહકાર વગેરે આપનાર મુનિમહારાજો તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે. આ સભાના અનેક ઉત્તમ ભાવી મનોરથો ગુરુકૃપાથી શ્રી અધિષ્ઠાયક દેવો સફળ બનાવે તેવી પરમાત્માને પ્રાર્થના કરી રિપોર્ટ પૂર્ણ કરવામાં આવે છે.

---

For Private And Personal Use Only

# સંવત ૨૦૦૮ ની સાલનું સરવૈયું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૫૭૨૬ાા= | જ્ઞાન સંબંધી પુસ્તક વીગેરે | ૧૦૧૧૦ાાા≡ | જ્ઞાન ખાતું લાઇબ્રેરી ડેડ સ્ટોક વગેરે |
| ૮૦ા–ા | શેઠ જીવતલાલભાઇ તથા શાન્તિદાસ શેઠનું સસ્તું સાહિત્ય ખાતુ | ૨૯૩૬૯ા | જ્ઞાન સંબંધી ખાતા પુસ્તકો |
| | | ૫૯૮૭ાા–ા | છાપખાના બુકસેલર પાસે લેણા |
| ૩૫૬૫૧) | સીરીઝ ખાતું | ૮૪૦૭૭.≡ | મકાન ખાતા ૩ |
| ૧૧૦)=ા | સંસ્થા વગેરે | ૧૮૫૫૦– | શરાફ |
| ૮૦૯૯૫ાા | સાધારણ ખાતા | | ૧૦૦૦૦) સ્ટેટ બોન્ડ |
| ૧૩૧૪૧ાા | જયંતિ ખાતાના દેવા | | ૮૫૫૦ાા– સેવીંગખાતા |
| ૮૯૭૭ાાા | ફંડ ખાતાના | | ૧૮૫૫૦ાા– |
| ૩૮૯૨) | શરાફીના | ૭૫ાા= | મેમ્બર |
| ૧૭૨)=ા | ઉપળેકખાતા | ૪૩૪ાા૦ાા | ઉપળેક ખાતા |
| | | ૧૪૧)= | પુરાંત ૨૦૦૮ આસોવદી ૦)) |
| ૧૪૮૭૪૭)–ાા | | ૧૪૮૭૪૭)–ાા | |

**નમ્ર સૂચના**—જૈન બંધુઓ અને બ્હેનો! આ સભાએ સત્તાવન વર્ષમાં જૈનદર્શનના વિવિધ સાહિત્યો–આગમો વગેરેનો જ્ઞાનભક્તિ નિમિત્તે અને ચતુર્વિધ શ્રી સંઘના આત્મકલ્યાણ માટે શ્રી જ્ઞાન-મંદિરમાં લાઇબ્રેરી ગુરુભક્તિ અને સુપ્રયત્નવડે આ રિપોર્ટના પૃષ્ઠ સાતમાં જણાવેલ સાહિત્ય ગ્રંથો વાંચવા–જોવા–જાણવા, વિચારવા, ઉપદેશવા વગેરે માટે જે જે સાહિત્ય જૈનધર્મના છાપેલા પુસ્તકો, છાપેલી લખેલી પ્રતો, આગમો, શ્રી આગમરત્નમંજૂષા માંહેના શુદ્ધ રીતે છાપેલા આગમો મળી કુલ ૬૩૪૫ ની સંખ્યામાં સંગ્રહ કરેલ છે, તે સર્વ આપ સભાએ આવી જુઓ, તપાસો, વાંચો–વિચારો. કોઇ ને કોઇ રીતે જ્ઞાન પ્રાપ્ત કરો, છેવટે શું શું અમૂલ્ય આગમ–ગ્રંથ છે તેની હકીકત જાણી હર્ષ પામો અને છેવટ કોઇ ને કોઈ રીતે જ્ઞાનભક્તિ કરો તેવી નમ્ર સૂચના છે.

**હવે પછી શરૂ કરવાના ભક્તિના કાર્યો અને મનોરથો**—સભાની ઇચ્છા, વિચાર, ધ્યેય નાણાં વધારવા કે સંગ્રહી રાખવાનો નથી, પરંતુ આર્થિક સ્થિતિ જેમ જેમ વધતી જશે તેમ તેમ ધારા-ધોરણ પ્રમાણે પૂર્વાચાર્ય મહારાજકૃત અનેકવિધ નવા નવા સાહિત્યો મૂળ અને અનુવાદરૂપે સુંદર પ્રગટ કરી જ્ઞાનદાન, જ્ઞાનભક્તિ પ્રચાર ભેટ કરવામાં આવશે. તેમજ ઉદ્દેશ પ્રમાણે સભાસદ બંધુઓને જ્ઞાનખાતાનો દોષ ન લાગે તે રીતે જ્ઞાનની વૃદ્ધિ થાય, વાંચકોને રસ પડે, અનુકરણ અનુમોદના કરતાં આત્મકલ્યાણ સાધે તેવા અનુવાદ ગ્રંથોનું પ્રકાશન કરી ભેટ આપવાનો પ્રબંધ કરવામાં આવશે. શ્રી આત્માનંદપ્રકાશ માસિકના વાંચન, પેજ અને સારા સારા ઉત્તમોત્તમ લેખો વગેરેથી તેને સમૃદ્ધ બનાવી વાચકોને વાંચનનો વિશેષ લાભ આપવા, ધાર્મિક, વ્યવહારિક અને ઔદ્યોગિક કેળવણીમાં વિદ્યાર્થીઓને અપાતી સહાયમાં વૃદ્ધિ કરવા, રાહત તરીકે અપાતી રકમમાં વધારો કરવા અને સભાની પ્રગતિ તેમજ વિકાસમાં આગળ વધવા અમારી ભાવના છે.

વિદ્યા સભા સબંધી જે સૂચન થયેલ છે તેને જલ્દી અમલમાં લાવવા અમો ગુરુદેવની અને જૈન સમાજની કૃપા ઇચ્છીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાની સેવા આપતા રહ્યા હતા તેથી જ કોન્ફરન્સના પિતા તરીકે તેઓની ગણના થતી હતી. ગઇ સાલમાં જૈન કોન્ફરન્સે તેમની સેવાની કદર કરી માનપત્ર અર્પણ કર્યું હતું. તેઓશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પરમ ભક્ત હતા. કોન્ફરન્સની ડગમગતી સ્થિતિ વખતે તેઓનું પંચત્વ થયું તે ખેદકારક બીના છે. કોન્ફરન્સના સ્તંભો આવી રીતે એકાએક જતાં તેમના જેવા સેવાભાવી હાલ નહિં દેખાતા હોવાથી જૈન કોન્ફરન્સને તેમની ખોટ પડી છે. આ સભા ઉપર તેમનો ઘણા વર્ષ થયા પ્રેમ અને સહાનુભૂતિ હતા, જેથી સભાને પણ ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

### શાહ હીરાચંદ સોમચંદનો સ્વર્ગવાસ.

શુમારે ૫૫ વર્ષની ઉંમરે પોષ શુદ ૧૪ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ કાપડના એક સારા વ્યાપારી, શ્રીમંત અને શ્રદ્ધાળુ મિલનસાર સ્વભાવના હતા. તેઓ આ સભાના લાઇફ મેમ્બર હોઇ સભા ઉપર પ્રેમ ધરાવતા હતા. તેઓના સ્વર્ગવાસથી એક લાયક સભ્યની આ સભાને ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થીયે છીયે.

---

૨ **બીજા વર્ગના** લાઇફ મેમ્બરોને ( તા. ૨૦-૭-૫૨ ના રોજ ) મળેલ મેનેજીંગ કમીટીએ કરેલા ઠરાવ મુજબ ( બે રૂપીયા ઉપરાંતની કિંમતના ગ્રંથોમાંથી બે રૂપીયા કમી કરવાને બદલે હવેથી ) ત્રણ રૂપીયા કમી કરીને બાકીની કિંમતે ભેટ આપવાના છે, જેથી રૂા. ૪-૮-૦ માત્ર આપવાથી તે ત્રણે ગ્રંથો ભેટ મળશે. જે બંધુઓના તેવા પત્ર આવશે તેમને તે રીતે મોકલવામાં આવશે.

નં. ૧ નો ગ્રંથ ભેટ જેની કિંમત રૂા. ૭-૮-૦ છે તે રૂા. ૪-૮-૦ માં બીજા વર્ગના જે લાઇફ મેમ્બર બંધુઓ ન લેવા ઇચ્છા હોય તેમણે અમોને તે ફાગણ સુદી ૨ સુધીમાં પત્રદ્વારા જણાવવાથી તેમની ઇચ્છા પ્રમાણે એટલે તે સિવાયનાં નંબર ૨-૩, વી. પી. પુરતા ખર્ચથી ભેટ મોકલવામાં આવશે. **વાર્ષિક સભાસદોને** માત્ર શ્રી નમસ્કાર મહામંત્ર ગ્રંથ માત્ર વી. પી. થી ભેટ મોકલવામાં આવશે.

---

## ૧. શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોકપ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ગ્રંથ છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઇપો, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો આર્થિક સહાય આપનાર શેઠશ્રી વગેરે સર્વ આર્ટ પેપર ઉપર છપાયેલ અનેક રંગોવાળા સુંદર ફોટાઓ અને અલંકૃત બાઇડીંગ સાથે દાનવીર શેઠશ્રી **ભોગીલાલભાઈ મગનલાલ**ની ગ્રંથમાળા તરીકે પ્રગટ થશે. કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

---

## ૨. "જ્ઞાનપ્રદીપ ગ્રંથ" ( ભાગ ત્રીજો ).

દરેક મનુષ્યને-અલ્પજ્ઞને પણ સરલ રીતે સમજી શકાય અને ઉચ્ચ જીવન કેમ જીવાય, જીવનમાં આવતાં સુખ દુઃખના પ્રસંગોએ કેવી પ્રવૃત્તિ આદરવી, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે ભોમીયારૂપ આ ગ્રંથમાં આવેલા વિવિધ તેર વિષયો છે. જે ગ્રંથો માટે જૈન જૈનેતર મનુષ્યોએ પ્રશંસા કરેલ છે. જે ધાર્મિક, સામાજિક, નૈતિક વિષયોથી પુષ્પમાળારૂપે વિદ્વાન આચાર્ય મહારાજ **કસ્તુરસૂરિ મહારાજે** સાદી અને સરલ ભાષામાં રચેલો છે. અને સુંદર કવર જેકેટથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત બે રૂપીયા પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## ૩. શ્રી નમસ્કાર મહામંત્ર.

ચૌદ પૂર્વના સારરૂપ જે પવિત્ર મંત્રના સ્મરણ, ધ્યાન, મનનના, નિરંતર અભ્યાસથી સાંસારિક દુઃખો દૂર થાય છે, શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરનારને વૈભવ, લક્ષ્મી, આરોગ્ય સાંપડે છે. અને સ્વર્ગગતિ કે મોક્ષમાં જવા માટે અમૂલ્ય સાધન આ મહામંત્ર છે સંસારના સુખો અને આત્મકલ્યાણ માટે ઉચ્ચતમ વસ્તુ છે. જેના મૂળ ઈંગ્લીશ ભાષાના લેખક જૈન અને બૌદ્ધ દર્શનના પ્રખર અભ્યસી શ્રીયુત **હરિસત્યભટ્ટાચાર્ય** એમ. એ. એ વિદ્વત્તાપૂર્ણ રીતે લખેલ છે, જેનો ગુજરાતી અનુવાદ સામળદાસ કૉલેજના પ્રોફેસર **જયંતીલાલ ભાઈશંકર** દવે એમ એ શુદ્ધ, સરલ, સાદી ભાષામાં કરેલ છે. વાંચવા જેવો ગ્રંથ છે, સુંદર રીતે છપાયેલ છે. કિંમત એક રૂપીયો, પોસ્ટ જુદું.

---

**ભાવનગરના સર્વ સભાસદ બંધુઓએ સભામાંથી તેમના ભેટના પુસ્તકો મંગાવી લેવા-લઈ જવા નમ્ર સૂચના છે.**

---

આ વર્ષમાં **ફાગણ માસની આખર સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર સાહેબોને** ત્રણે ગ્રંથો ભેટ આપવામાં આવશે. તે તારીખ સુધીમાં નવા થનાર **બીજા વર્ગના** લાઈફ મેમ્બરોને ઉપર પ્રમાણે ધારા મુજબ ગ્રંથો ભેટ મળી શકશે. સ્થાનિક મેમ્બરને કશો ખર્ચ આપવાનો નથી.

---

**તૈયાર છે.** **તૈયાર છે.**

## શ્રી બૃહત્‌કલ્પસૂત્ર-છઠ્ઠો (છેલ્લો) ભાગ સંપૂર્ણ.

અગાઉથી નામો નોંધાઈ ગયેલ મહાશયોને મોકલવાનું કાર્ય શરૂ થયેલ છે. મુનિરાજશ્રી તથા જ્ઞાન-ભંડારોના વહીવટ કરનાર મહાશયો, જેમણે પ્રથમ પાંચ ભાગ લીધેલા છે, તેમણે આ છઠ્ઠો ભાગ સત્વર મંગાવી લેવા વિનંતિ છે. ઘણી જુજ નકલો સિલિક છે. આ છઠ્ઠો ભાગ સંપૂર્ણ છપાયા બાદ તેની પ્રસ્તાવના માટે જેસલમેર, પાટણ વગેરે પ્રાચીન ભંડારોની અનેક હસ્તલિખિત પ્રતો સાથે રાખી, મૂળ, ચૂર્ણિ, નિર્યુક્તિ વગેરેના પાઠભેદો, પાઠાંતરો, અશુદ્ધિઓ, પરિશિષ્ટો સાથે શ્લોકોનો સમન્વય કરી તે સર્વે પ્રતો માંહેની સર્વે નોંધ, માહિતનું તારણ કરીને આ વિભાગની પ્રસ્તાવનામાં આપેલું છે. સંશોધન સાથે મહાન પ્રયત્નવડે સાક્ષરશિરોમણિ, પૂજ્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે મહામૂલી, પ્રમાણિક, સર્વ માહિતીપૂર્ણ, સુંદર સંકલનાપૂર્વક સંપાદન કરેલ છે.

આ ગ્રંથ ઉંચા ટકાઉ લેઝર પેપર ઉપર, સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર મુંબઈ પ્રેસમાં છપાયેલ છે. સખ્ત મોંઘવારી અને છાપખાનાના દરેક સાહિત્યના ભાવો વધતા જતાં હોવા છતાં આ પૂજ્ય આગમ ગ્રંથ વર્ષો સુધી ટકી શકે, અને જ્ઞાનભંડારોના શણગારરૂપ બને તે દૃષ્ટિએ જ બધી રીતે મોટો ખર્ચ કરી સુંદરમાં સુંદર તેનું પ્રકાશન કરેલ છે.

આવા વિદ્વત્તાપૂર્ણ પૂજ્ય આગમો મોટો ખર્ચ કરી વારંવાર છપાતાં નથી જેથી જલદી મંગાવી લેવા નમ્ર સુચના છે. નામો નોંધાવવા પત્ર લખશો.

કિંમત રૂા. ૧૬) સોળ પોસ્ટેજ જુદું. લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only